June 2025 - Issue 06
Retail Price 15/-

Gyan Amrit
જ્ઞાનામૃત

રાજયોગિની સરલાદીદી
પૂર્વ ડાયરેક્ટર, ગુજરાત ઝોન
સ્મૃતિ દિવસ
6 જૂન

માતેશ્વરી જગદંબા સરસ્વતી
પ્રથમ મુખ્ય પ્રશાસિકા, બ્રહ્માકુમારીઝ
મમ્મા સ્મૃતિ દિવસ
24 જૂન

INTERNATIONAL
YOGA
DAY

અમદાવાદ મહાદેવનગરમાં 'સમર કેમ્પ'નું ઉદ્‌ઘાટન કરતાં આચાર્ય હર્ષિતભાઈ, અભિનેતા તુષારભાઈ, અભિનેતા સ્વાતિ, બ્ર.કુ. ચંદ્રિકાબેન, આચાર્ય લીલાબેન, ડ્રાન્સ ગુરુ મેહા મજમુદાર, IT પ્રોગ્રામર રીનાબેન.

રાજકોટ ગોપવંદના ખાતે 'પવિત્ર જીવનયાત્રા મહોત્સવ' શુભારંભ કાર્યક્રમમાં ફોરેસ્ટ ઓફિસર ભગિની દક્ષાબેન વધાસીયા, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. અંજુબેન, બ્ર.કુ. ગીતાબેન તથા અન્ય.

ઉદવાડામાં 'હેપ્પી એંજલ સમર કેમ્પ'માં લેડીઝ એમ્પાવર ક્લબના પ્રમુખ રૂકસાનાબેન, શાંન્તાબા સ્કુલના ટ્રસ્ટી સોનલબેન, સામાજીક કાર્યકર હસમુખભાઈ, બ્ર.કુ. મીનલબેન, બ્ર.કુ. પારૂલબેન.

સુરત સરથાણા ખાતે શુભમ એવન્યુ પરિવાર તરફથી આયોજીત શ્રીમદ ભાગવત કથામાં સુપ્રસિધ્ધ કથાકાર બળદેવદાસ બાપુને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. ચેતનાબેન, તથા બ્ર.કુ. ભાવિકાબેન.

અમરેલી ખાતે 'આધ્યાત્મિક રામકથા'ના ઉદ્‌ઘાટનમાં બાંધકામ સમિતિના ચેરમેન સંદીપભાઈ માંગરોળીયા, નાગરિક બેંકના ડિરેક્ટર ભ્રાતા જયંતીભાઈ પટોળીયા, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. કિંજલબેન.

ગોંડલમાં 'વિશ્વ પુસ્તક દિવસે' શિશુમંદિર સ્કૂલના આચાર્ય યોગેન્દ્રસિંહ, પર્યાવરણવિદ હિતેશભાઈ, ડેપ્યુટી મામલતદાર મનીષભાઈ, નાયબ મામલતદાર યોગેશભાઈ, બ્ર.કુ. ભાવનાબેન.

કિલ્લા પારડીમાં 'બાળ વિકાસ શિબિર'ના ઉદ્‌ઘાટનમાં વલ્લભઆશ્રમ સ્કુલના નિર્દેશક કૌશલભાઈ સાકરીયા, નગરપાલિકાના સભ્ય જીજ્ઞેશભાઈ, બ્ર.કુ. પારૂલબેન, બ્ર.કુ. મીનલબેન.

ગાંધીધામ કચ્છ ખાતે CISFમાં 'તનાવ મુક્તિ શિબિર'માં CISFના જવાનોના ગ્રુપ સાથે CISFના ઈન્સ્પેક્ટર ભ્રાતા એ.કે.મિશ્રા અને ભ્રાતા શૈલેશ્વરભાઈ સાથે બ્ર.કુ. સરિતાબેન.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૮ | જૂન - ૨૦૨૫ | અંક : ૦૬

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- યોગ સિદ્ધિ ....તંત્રી સ્થાનેથી ..04
- મરજીવા બનવું અર્થાત્ સર્વ કાંઈ દાન ....દાદી પ્રકાશમણિજી ..06
- વ્યસન મુક્તિ ગીત - ....બ્ર.કુ.નીતા ..06
- એક ગેટ આઉટ કરો અને બીજું ....દાદી હૃદયમોહિનીજી ..07
- આપણા પ્રશ્નો અના દાદીજીના ઉત્તર ....દાદી જાનકીજી ..08
- સમગ્ર કલ્પ જ આપણા સંકલ્પોથી ....બ્ર.કુ.જગદીશચંદ્ર ..09
- કોઈ ગમે તેવું વર્તન કરે પણ........................બ્ર.કુ.શિવાની ..10
- રાજયોગિની માતેશ્વરી જગદંબા ....બ્ર.કુ.જયંતીબેન ..11
- ભગવાનને પ્રિય છે યોગ તપસ્યા ....બ્ર.કુ.વિવેકાનંદ ..18
- રાજયોગિની દાદી શીલઈન્દ્રાજી ....બ્ર.કુ.હેમંત ..20
- વિશ્વ પર્યાવરણ દિવસ ....બ્ર.કુ.નીતા ..24
- 6 ફૂટનો માનવી અઢી ઈંચની બીડીનો ગુલામ.......બ્ર.કુ.નીતા ..26
- મમ્માની વાણી બની શાંતિ, મુક્તિદાયિની ......બ્ર.કુ.લોકપાલ ..27
- દિવ્યદર્શન - આંતરાષ્ટ્રીય યોગ ....બ્ર.કુ.નંદિની ..28
- કરનકરાવનહાર બાબા ....બ્ર.કુ.અક્ષય ..29
- ...વાત શાની ....બ્ર.કુ.જૂનાગઢ ..30
- આધ્યાત્મિક રહસ્ય- હનુમાન જયંતી..........બ્ર.કુ.જગદીશ ..31
- સંગમયુગ શબ્દાવલી 34

2024ના લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૩૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૨૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૫.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૬૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૨,૦૦૦.૦૦

કૃતિઓ મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
D-202, સાગર રેસીડન્સી, PDPU રોડ,
જાન્વી ફાર્મ સામે, રાયસણ,
ગાંધીનગર - 382007 M. 99798 99104

મુદ્રક અને પ્રકાશક
ભારતી રણછોડદાસ સોમૈયા

-:- વિશેષ નોંધ -:-

સેવાકેન્દ્ર દ્વારા થયેલ સેવાઓના ઓરીજનલ હાઈ રેઝોલ્યુશન વાળા ચોખ્ખા, વ્યવસ્થિત, યોગ્ય ફોટા સાથે મહેમાનોનું આખું નામ, બરોબર હોદ્દો, કાર્યક્રમની સંપૂર્ણ વિગતો સાથે ગુજરાતી જ્ઞાનામૃતના ઈ-મેલ ઉપર જ મોકલવાના રહેશે. જે અગ્રતા ક્રમે ફોટા મળે, તમામ પ્રકારે ફોટાની ગુણવત્તાના આધારે નાના-મોટા બધા સેવાકેન્દ્રોને યથાયોગ્ય સ્થાન આપવાનો પૂરો પ્રયત્ન રહે છે. જે મોબાઈલથી ફોટા પાડ્યા હોય તે મોબાઇલની ગેલેરીમાંથી જ ઓરીજનલ ફોટા હાઈ ક્વોલિટીમાં ઈ-મેલમાં એટેચ કરવા. તમે whatsappમાં મોકલેલા કે કોઈએ ફોટા પાડીને તમને whatsappમાં મોકલાવેલ અથવા કોઈના ફોરવર્ડ કરેલા ફોટા ક્યારે મોકલવા નહીં. whatsappથી મોકલાવેલા ફોટાની પ્રિન્ટિંગ ક્વોલીટી બરોબર હોતી નથી. જે પ્રકાશનમાં કદાપિ લેવાશે નહીં

જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.
Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

યોગ સિધ્ધિ

માનવજીવન ગહન સાગર જેવું છે. તેમાંયે આધ્યાત્મિક જીવન તો ધીરજપૂર્વકનો વિશેષ પુરુષાર્થ માંગી લે છે. માનવના સંસ્કારોનું પરિવર્તન કરવું એ ભગીરથ કાર્ય છે. આજે સમગ્ર દુનિયા જ્યારે ભૌતિક સુખોના રંગે રંગાયેલી છે. સર્વત્ર તેની ઝાકમઝોળ અને પ્રતિષ્ઠા થતી હોય ત્યારે આ યુગમાં સાધનાનું ક્ષેત્ર એ પ્રવાહની સામે તરવા, ચાલવા જેવું કપરું કાર્ય છે. અધ્યાત્મનો પથ અનેક અવરોધો, પરીક્ષાઓઅને સંઘર્ષોથી ભરેલો છે. પણ જો સાધક સ્વસ્થતાપૂર્વક પુરુષાર્થ કરતો રહે, તો આ કાર્ય તેને સ્વાભાવિક, સરળ લાગે છે.

જીવનના કોઈ પણ ક્ષેત્રમાં પગલાં માંડવાથી તેમાં સહજ સિધ્ધિ મળતી નથી. સિધ્ધિ જો સરળતાથી પ્રાપ્ત થાય તો તેનું ગૌરવ અંકાતું નથી. કેટલાક માણસો કોઈ આદર્શો લઈને નીકળી પડે છે, પણ તેમાં અનુકૂળતા ન સધાતાં, સફળતા ન મળતાં નાસીપાસ થઈ તે કાર્ય છોડી દે છે. પણ નિષ્ફળતાનાં કારણોમાં ઊંડાં ઊતરીને તેનું નિરાકરણ લાવવાનો પ્રયત્ન તેઓ કરતા નથી. સ્વીકૃત સાધનામાં પ્રગતિ થવી તે સાધકના જીવનનું પરમધ્યેય હોવું જોઈએ. જો સાધના પથ સ્વીકારીને ત્યાંના ત્યાં જ રહી જવાય તો તેનો કોઈ અર્થ નથી. એવા તો હજારો સન્યાસી વેશધારીઓ તથા સાધકો આ ભારત ભૂમિ પર છે. પણ આ સૌમાં ગાયન પૂજન તો માત્ર આંગળીઓના વેઢે ગણી શકાય તેટલી વિભૂતિઓનું જ થાય છે. તેનું કારણ સ્પષ્ટ છે સાધક માટે સાધના જ એનો સંસાર, એનું સર્વસ્વ હોવું જોઈએ. એને મુખ્ય કેન્દ્રમાં રાખીને જ અન્ય પ્રવૃત્તિઓ કરવી જોઈએ.

સાધનાનું પ્રથમ કાર્ય પરમાત્મા અનુસંધાનનું અર્થાત્ યોગ કરવાનું છે. સર્વગુણો અને શક્તિઓના સાગર, પાવર હાઉસ પરમપિતા શિવ પરમાત્મા જ છે. જીવનના સર્વ સંબંધોના સાર રૂપ પણ પરમાત્મા જ છે. દૈહિક સંબંધોની વિસ્મૃતિ, અનાસક્તભાવ અને આત્મિક દૃષ્ટિકોણની જરૂર છે. પરમાત્મા પ્રત્યેનો અતૂટ નિશ્ચય અને સ્વયંની આત્મિક સ્થિતિનો મજબૂત પાયો એ સાધનાની આધારશિલા છે.

સાધકના જીવનમાં રાજયોગ સાધનાની નિયમિતતા, સર્વ માનવજાતિ પ્રત્યેનો કરુણાભાવ, શુભ ભાવના અને શુભ કામનાઓનાં શ્રેષ્ઠ સંકલ્પોની સૃષ્ટિમાં વિચરતું મન, સાત્ત્વિક બુધ્ધિ અને સાત્ત્વિક આહાર, દેહભાનમાં લાવનાર સર્વ પ્રવૃત્તિઓ પ્રત્યેની ઉપરામવૃત્તિ અને સાધનાને વિચારસાગર મંથન કરી નવીનતા બક્ષવાનો સતત પુરુષાર્થ હોય તો યોગ લાગવામાં કોઈ મુશ્કેલી પડતી નથી. લૌકિક પ્રિયતમ અને પ્રિયતમા એકમેકને કેટલાં જિગરથી ચાહતાં હોય છે. તે માટે તેઓ ત્યાગ, સમર્પણ, સર્વસ્વ ન્યોછાવર કરવાની તત્પરતા રાખે છે. આ છે પ્રેમનો નાતો નિભાવવાની ગુરુ ચાવી. આમ લૌકિક જીવનને અલૌકિક જીવનમાં પરિવર્તિત કરવાનું સહજ બને છે.

યોગ સારી રીતે થઈ શકે તે માટે કહેવાયું છે,

उत्साहात् धैर्यात् तत्त्वज्ञानाश्र निश्चयात्।

जनसंग परित्यागात षऽभिर्योग यसिध्धयते।।

અર્થાત્ **ઉત્સાહથી, સાહસથી, ધીરજથી, તાત્ત્વિક જ્ઞાનથી (બાબાએ જે આપ્યું છે તે)**

નિશ્ચયથી અને જનસંસર્ગ (સંગદોષ)ના ત્યાગ આ છ વડે યોગ સારી રીતે સિધ્ધ થાય છે.

સાધકને તેની સાધનામાં ઉત્સાહ જળવાઈ રહેવો જોઈએ. ઉત્સાહથી સફળતા સહજ બને છે. ઉત્સાહ જતાં સાધકનું જીવન નીરસ અને બોજરૂપ બની જાય છે. તે રીતે સાધકના જીવનને લૂણો ન લાગવો જોઈએ. માનવના જન્મથી લઈને મૃત્યુ સુધી કશુંયે ગણતરીપૂર્વક ચાલતું નથી. જીવનમાં અણધારી, આકસ્મિક ઘટનાઓ બને છે. સત્તા, સંપત્તિ, સુવિધાઓ કે સલામતીના જડબેસલાક આયોજનો પણ ક્યારેક ઊંધાં વળી જાય છે. એટલે સાધકનું સમર્પણ સુવિધાઓ અને ભાવિની સલામતીના ધોરણે ન હોય, પણ પરમાત્મા પ્રત્યેના સમર્પણ ભાવમાં હોય. રાજમહેલ અને વૈભવી સુખોને લાત મારતાં મીરાંએ પોતાના ભવિષ્યનો વિચાર કર્યો હતો? કવિતામાં કહ્યું છે કે,

ડાબો મેલ્યો મેવાડ રે, મીરાં ગઈ પશ્ચિમમાં, સરવ છોડી મીરાં નીસર્યાં જેનું માયામાં મનડું ના ક્યાંય. પરમાત્મા પ્રત્યેની શ્રધ્ધા, નિષ્ઠા, વફાદારી એજ સાધનાની સફળતાની સીડી છે.

જીવનમાં સિધ્ધિ જેટલી મહત્ત્વપૂર્ણ હોય તેટલી ધીરજ પણ રાખવી પડે છે. ધીરજનાં ફળ મીઠાં. માનવ સંબંધોમાં જેમ ઈન્સ્ટન્ટ વસ્તુઓનો જમાનો આવ્યો છે. તે રીતે સાધનાના ક્ષેત્રને મૂલવી ન શકાય. લૌકિક સંબંધોમાં બંધાયેલી વ્યક્તિ જેમ પોતાના પ્રિય પાત્ર માટે આખું આયખું ધીરજથી વીતાવી દે છે. તેની પાછળ કયું શ્રધ્ધાબળ કાર્ય કરે છે. તો અલૌકિક ક્ષેત્રમાં કેટલી ધીરજ હોવી જોઈએ. યોગયુક્ત સમજણથી કેળવેલી ધીરજ તેનાં સુદર પરિણામો લાવે છે.

કોઈ પણ સાધનામાં સફળ થવા માટે તેના પાયારૂપ સિધ્ધાંતોનું જ્ઞાન હોવું જરૂરી છે. જ્ઞાનને પણ મંથન દ્વારા પોતાનું બનાવવું પડે. તેને મૌલિકતા આપવી પડે. રોજબરોજના પ્રસંગોમાં તેને ઉપયોગમાં લેવાનું આવડવું જોઈએ. તાત્ત્વિક જ્ઞાનથી સાધનાનું ક્ષેત્ર રળિયામણું લાગે છે. પરમાત્મા પ્રત્યેનો સ્વીકારેલી સાધના પ્રત્યેનો, તેના માળખાનો અને તેની કાર્ય પ્રણાલી પ્રત્યે પણ નિશ્ચય જોઈએ.

નિશ્ચય વિના સાધનામાં પ્રાણ પૂરાતો નથી

સાધના સમાજના સર્વ સંબંધોમાંથી ઉપરામ થવાનું શીખવે છે. (ત્યાગનું નહીં) જેમ મધ્ય-બિંદુમાંથી અનેક ત્રિજ્યાઓ રૂપી સંબંધો જોડવાનું કાર્ય સંસારીનું છે. જ્યારે અનેક ત્રિજ્યાઓ વાળા સંબંધોનાં વર્તુળમાંથી સર્વને બુદ્ધિપૂર્વક, સમજણ પૂર્વક, સમેટી લઈને કેન્દ્રબિંદુ પરમપિતા શિવ પરમાત્મા પ્રત્યે પ્રયાણ કરવું એ સાધકનું કાર્ય છે. તેની સાધનાને વિક્ષેપમાં નાંખે તેવા હઠાગ્રહી, દુરાચારી, દુર્જનોના સંગથી બચવું જરૂરી છે. આ દુનિયા તો બકરાને પણ કૂતરું બનાવી દે છે. લોકોનો સતત એક વાતનો મારો ચાલ્યા કરે તો મનની નબળી પળોમાં તેની અસર થાય છે. તેથી સાધના શિથિલ બને છે. તેથી જેવું લક્ષ્ય તેવાં લક્ષણ ધારણ કરી શક્ય તેટલું દુરાચારી જન સંસર્ગથી મુક્ત થવું જોઈએ. જન સંસર્ગનો હેતુ તેઓનું કલ્યાણ કરવાનો, તેઓને પરમાત્મા સાથે જોડવાનો, તેઓને આદર્શ બનાવવા માટેનો હોવો જોઈએ. માયાનાં વૈવિધ્યસભર રૂપો લોહચુંબકની જેમ સાધકને આકર્ષી લે છે. જે સાધકનું મનોબળ દૃઢ હોય અને સાધનામાં અપાર રુચિ હોય તેવા સાધકો જ યોગ સિધ્ધિ પ્રાપ્તકરી શકે છે.

॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

મરજીવા બનવું અર્થાત્ સર્વ કાંઈ દાન કરી દેવું

રાજયોગિની દાદી પ્રકાશમણિજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ

બાબા આવ્યા છે આપણ બાળકોને જીવવા છતાં મરજીવા બનાવવા. મરજીવા બનવાની વિધિ બાબાએ સંભળાવી છે. દે દાન તો છૂટે ગ્રહણ. તો આજે આ વાત પર સૌ વિચાર કરો કે આ આપણો મરજીવા જન્મ છે. મરજીવા અર્થાત્ સર્વકાંઈ બાપ. (બાબા)ને દાનમાં આપી દેવું. યજ્ઞમાં હંમેશા દાન આપવામાં આવે છે. દાન કરીશું તો મન ઈચ્છિત ફળ મળશે. તો આપણે આ યજ્ઞમાં કેવું દાન કરવાનું છે. આ છે આપણા જીવનનું દાન. ભલે તેને જીવન કહો યા તન, મન, ધન કહો. ચાહે સ્વભાવ, સંસ્કારોનું દાન કહો. યા દેહ સહિત દેહના સર્વ સંબંધોનું દાન કહો. ભૂતકાળમાં જે બની ગયું છે તેનું દાન. દાન અર્થાત્ દાન. દાનની ભાષા ઘણી મોટી છે. શબ્દ ફક્ત દાન છે. તો સૌ વિચાર કરો કે મારું જીવન દાનનું બન્યું છે? યા દાન કરવાનું વિચારી રહ્યા છો? આના સંદર્ભમાં રાજા જનકની વાત આવે છે. જનકરાજાનું દૃષ્ટાંત આપીને કહેવાય છે કે એમણે પોતાનું સર્વસ્વ દાન આપી દીધું. તો આપણે સર્વ બાળકો શિવબાબાના યજ્ઞમાં મરજીવા બનવાની આહુતિ આપવા આવ્યા છો. આપણે પૂરી આહુતિ આપી છે? કારણકે સમગ્ર જીવનનો આ સાર છે. હું મરજીવા બન્યો છું અર્થાત્ સમર્પિત થયો છું.

જ્યારે આત્મા મરજીવો બની ગયો તો તે આત્મા કોઈ સંબંધીથી, સંપત્તિથી, વસ્તુથી, વૈભવથી પોતાનું મમત્વ રાખી શકે નહીં. બુધ્ધિયોગ તે તરફ જાય છે તો તેને દાન કર્યું કહેવાશે? જ્યાં જિદ્દી સ્વભાવ છે ત્યાં શું આત્મિક સ્થિતિ રહે છે? સ્વની જિદ અર્થાત્ દેહ અભિમાન. દેહ અભિમાન છે તો સત્ય-અસત્યની તુલના કરી શકતા નથી. જો મારો જિદનો સ્વભાવ છે તો તેનું દાન કેમ કરતા નથી. સરળ બનો તો જિદ સમાપ્ત થઈ જશે. જિદ છે તો શ્રીમતનું ઉલ્લંઘન છે.

આ જ્ઞાન જેટલું સહજ છે તેટલું ગુહ્ય પણ છે. સદા શ્રીમતને સામે રાખો, બાબાને સામે રાખો, તો પોતાના સ્વભાવનો વિસ્તાર સમાપ્ત થઈ જશે. ભક્તિનો વિસ્તાર છે જ્ઞાન, બિંદુ. આપણા સૌથી ભક્તિ દૂર થઈ ગઈ છે. આ રીતે જૂના સંબંધોનો, સ્વભાવોનો વિસ્તાર દૂર થયો છે? જો આપણે શ્રીમત સામે લાવીશું તો સર્વ વિસ્તાર દૂર થઈ જશે. બિન્દુ બની જાઓ તો કોઈ વિસ્તાર રહેશે નહીં.

॥ ઓમશાંતિ ॥

વ્યસન મુક્તિ ગીત - બ્ર.કુ. નીતાબેન

તું નહીં પીતા બીડી કો, બીડી તુજકો પીતી હૈ.
પી કર કે યહ તુમકો, ઈસ દુનિયા મેં વહી જીતી હૈ.
ઈસ બીડી કે કંઈ સંબંધો, ઓર રીસ્તેદાર ભી હૈ,
કેન્સર, દમ, ખાંસી, ટીબી, ઈસકે તાબેદાર ભી હૈ,
કંઈ બીમારીયા ઉનકી સમજો, આખરી યહ સીટી હૈ.
તેરે પીને સે પહેલે યહ, પૈસે તેરે ખાતી હૈ,
સમય, સંકલ્પ ઔર સંપત્તિ, સભી લૂંટ લે જાતી હૈ,
માનવ કો નહીં જીન્દા છોડના, યહી ઈસકી નીતિ હૈ.
તૂં નિકાલે ઈસકા ધુંઆ, યહ તેરા ધૂંઆ નિકાલેગી,
તેરે અંદર જાકરકે યહ, તેરા સબ કુછ ખા લેગી,
સમશાન પહુંચાના સબકો, યહી ઈસકી ડ્યુટી હૈ.
તૂં છોડના ચાહે ઈસકો, યહ નહીં તુજકો છોડેગી,
ખટિયા પર લેટાકર તુજકો, તેરા યહ દમ તોડેગી,
અબ તૂંઈસકો હાથ જોડ દે, જુઠી પ્રીત છોડ દે.

॥ ઓમશાંતિ ॥

એક ગેટ આઉટ કરો અને બીજું ગેસ્ટહાઉસ યાદ કરો

રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ

આપણને બાબાએ વરદાન આપ્યું છે કે ખુશ રહો અને ખુશી વહેંચો. જે ખુશ રહેશે તેજ ખુશી વહેંચી શકશે. ખુશી એવી ચીજ છે કે તેમાં હેલ્થ, વેલ્થ, હેપીનેસ છે. ખુશી જેવો ખોરાક નહીં. ખુશી જેવો ખજાનો નહીં એટલે બાબા કહે છે ખુશી કદી જવી જોઈએ નહીં. બાબાએ કહ્યું છે પેપર તો આવશે, વાતો પણ આવશે પરંતુ વાતો ભગવાનની અવિનાશી ખુશી લઈ જાય, એમ ન બનવું જોઈએ. આપણને તો ભગવાનની દેણ છે ખુશ રહો, ખુશી વહેંચો.

ખુશી જવાનાં વિશેષ બે કારણો હોય છે. એક આપણી અંદર જે ઈચ્છા છે તે પૂરી થતી નથી. તો ખુશી ચાલી જાય છે. બીજું આપણે ઘરમાં આરામથી બેઠા છીએ, કોઈ વાત નથી. પણ આપણો કોઈ મિત્ર આવે છે આપણા માટે સાચા-જૂઠા ગ્લાનિના શબ્દો બોલે છે. પરંતુ આપણે તેવા નથી. પણ ગ્લાનિ કરે છે, તો શું થાય છે?એ સમયે ગ્લાનિ સાંભળીને ખુશી આપી દઈએ છીએ અને શોક લઈ એ છીએ. તે આપણી ખુશી લેવા ઈચ્છતા નથી પણ આપણે જ આપી દઈએ છીએ. બાબા પાંચ શબ્દ બતાવે છે. ક્યાં શું, કઈ રીતે? આ પશ્ચાતાપનાં સાધન છે. એમાં જ ગૂંચવાયેલા રહીએ છીએ. પછી નકામા વિચારો ચાલવા લાગે છે. ભવિષ્યનું વિચારશો તો નકામાં વિચારો ચાલ્યા જશે. તેથી ગમે તેવા સંજોગોમાં પણ ખુશી ગુમાવશો નહીં. આપ મોટી વાતને મોટી ના કરો. નાની કરો. બાબાએ આપણને ખુશનસીબ બનાવ્યા છે. તો આપણી ખુશી કદી જવી જોઈએ નહીં.

અત્યારે મધુવનમાં કોઈની પાસે માયા આવી? આપણે માયા પ્રૂફ રહ્યા ને? તો ખુશી તો રહેશે ને. આ વાતાવરણમાં રહીને, મનન-ચિંતન કરીને ભિન્ન ભિન્ન અવસ્થાઓનો અનુભવ કરતા રહીશું તો માયાને આવવાની ફુરસદ જ નહીં મળે. બાબાએ બે શબ્દો કહ્યા હતા. આ બે શબ્દોમાં બધી વાત આવી જાય છે. એક (વાતોને) ગેટ આઉટ કરો બીજું ગેસ્ટ હાઉસ (આ દુનિયા) યાદ કરો.

બાબાએ આપણને ભિન્ન ભિન્ન સ્વમાન આપ્યાં છે. આ ભિન્ન ભિન્ન સ્વમાનોને યાદ કરીને તેની પ્રાપ્તિ સામે રાખો. બાબાએ આપણને જે હોમવર્ક આપ્યુ છે તે યાદ રાખો. તો આપનો ચહેરો સેવા કરશે. બોલવાની પણ જરૂર રહેશે નહીં. વરદાનોનો ખજાનો સદા સાથે રાખો તો સદૈવ ખુશીમાં રહી શકશો.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 27નું અનુસંધાન)... મમ્માની વાણી

યોગદાન કર્યું. પછી એ આત્મા તે પ્રેતાત્મા શરીરમાં આવ્યો નહીં. તે આત્મા ઘણા સમયથી પોતાની અતૃપ્ત કામનાઓની પૂર્તિ માટે વીરેન્દ્રભાઈના શરીરનો ઉપયોગકરી રહ્યો હતો. જેનાથી તે સ્વયં પણ પરેશાન હતો અને ઘરના સભ્યો પણ પરેશાન હતા. આ રીતે મીઠાં મમ્માની વાણીએ આત્માને શાંતિ આપી અને મને પણ બચાવી લીધો.

॥ ઓમશાંતિ ॥

આપણા પ્રશ્નો અને દાદીજીના ઉત્તર

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ



પ્રશ્ન - પોતાને કન્ટ્રોલ કરવા અને દબાવવામાં શું અંતર છે? ખાસ કરીને પાંચ વિકારોને કાઢવામાં આ બન્નેનો આપણે કેવી રીતે ઉપયોગ કરી શકીએ?

ઉત્તર - જ્યારે આપણને જ્ઞાન મળ્યું છે ત્યારે પાંચ વિકારોનો ફોર્સ આપણને ચલાવી શકતો નથી. પહેલાં પાંચ વિકારોનો ફોર્સ હતો, આપણામાં શક્તિ નહોતી. જે કોઈપણ વિકારથી આપણને આઝાદ બનાવી શકે. નાના મોટા વિકારો હોવા છતાં આપણે એને કબૂલ કરી શકતા નહોતા કે આપણે વિકારી છીએ. અત્યારે એટલી સમજણ આવી ગઈ છે કે આપણે વિકારને વિકાર સમજીએ છીએ. એમાં પણ આપણામાં કોઈ સૂક્ષ્મ વિકાર ન હોય. આ બુધ્ધિ સમજે છે. તો તેને દબાવી રહ્યા નથી પણ કાઢી રહ્યા છીએ. ડોક્ટર કહે છે કે બીમારીને દબાવશો નહીં. દબાવવાથી તે ફરીથી આવશે. બીમારી વધી જશે. એટલે આપણે અંદરથી જ્ઞાન-યોગથી સફાઈ કરી રહ્યા છીએ. જ્ઞાનથી, સમજણથી, બાબાની યાદથી વિકારોને કાઢી રહ્યા છીએ. એના માટે આપણે સ્વયં પર કન્ટ્રોલ રાખવાનો છે. દબાવવાનો નથી, કાઢવાનો છે. આપણે માલિક છીએ તેથી કન્ટ્રોલ આપણી પાસે રહેવો જોઈએ. આપણે મનને દબાવતા નથી તે આપણા ઓર્ડરમાં છે, કન્ટ્રોલમાં છે. આપણે તેના ઓર્ડરમાં નથી. તો આપણે એ અનુભવી શકીએ છીએ કે આપણે ફ્રી થઈ રહ્યા છીએ. આપણામાં જે સંસ્કાર હતા, સ્વભાવ હતો, વિકારો ભરેલા હતા એનાથી મુક્ત થઈ રહ્યા છીએ.

પ્રશ્ન - આત્માઓની સાથે લેણ દેણ, ખાસ કરીને બ્રાહ્મણ પરિવારોમાં સૌગાતોની લેણદેણ કરવી, એનો કેવો હિસાબ-કિતાબ બને છે. આપવું લેવું જોઈએ યા નહીં?

ઉત્તર - જો આપ જીવનમુક્તનું સુખ લેવા ઈચ્છો છો, તો આ લેણદેણથી પણ મુક્ત બની જાઓ. આપણે દિલથી સ્નેહ આપવાનું જાણીએ છીએ. દિલથી સ્નેહ આપવો, રુહાની સ્નેહ આપવો તે સાચું છે. જે દુનિયા કરે છે તે આપણે પણ કરીએ તો શો ફાયદો? હા, બાબાના ઘેરથી આપને જે સૌગાત મળે છે, તો એ યાદ રહે છે કે બાબાએ મને આપી. સાકાર મુરલીઓમાં બાબાએ કહ્યું છે કે બાળકો, દેહધારીઓ પાસેથી કોઈ સૌગાત લેશો નહીં. એણે મને આ સૌગાત આપી હતી તે યાદ આવશે. કોઈની સાથે લેણ-દેણથી હિસાબ-કિતાબ બને છે. પહેલાં એક બીજાને ઓળખતા નહોતા. નાની-મોટી સૌગાતો આપીને સંબંધ જોડાઈ ગયો. આની શું જરૂર છે? જો સાચા વૈરાગી, ત્યાગી, તપસ્વી મૂર્ત બનવું છે તો સ્વયંને આ ધંધાથી મુક્ત કરો. જો કોઈની ઈચ્છા છે તો બાબાના ઘેર જે આપવું હોય તે આપો. દાદી સૌમાં વહેંચશે. આપણે જેટલી લેણદેણ ઓછી કરીશું એટલા ભાગ્યશાળી બનીશું. સમય થોડો છે. પુરુષાર્થ બહુ કરવાનો છે. જેટલો સમય, મની, એનર્જી બચાવી શકીએ છીએ, સફળ કરી શકીએ છીએ તો ફાલતૂ ખર્ચ શા માટે કરીએ? ટાઈમ પણ જાય, મની પણ જાય અને બુધ્ધિ પણ જાય. શું થાય છે? એક સ્થળેથી સૌગાત મળશે તે બીજાને આપી દેશે. નહીં તો તે બજારમાં ચાલી જશે. તો આ ધંધો દુનિયાવાળા કરે છે જ્યારે આપણે તેનાથી મુક્ત થઈ જઈશું તો પૂરા તપસ્વી મૂર્તનો અનુભવ કરીશું. સ્ટુડન્ટ લાઈફનો રસ જાગશે. ॥ઓમશાંતિ॥

સમગ્ર કલ્પ જ આપણા સંકલ્પોથી ચાલે છે

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

સંકલ્પને કોઈ સાધારણ વાત ન સમજશો. આપ સમજો છો કે મારો સંકલ્પ ઉઠ્યો, એને દબાવી દીધો. સંકલ્પ ચાલ્યો તેને મુખમાં લાવીને વર્ણન કરી દીધું. સંકલ્પ ચાલ્યો એને કર્મમાં લાવીને કોઈને નુકસાન કરી દીધું, કોઈને દુ:ખ આપ્યું. તો સંકલ્પથી આપણે જે કાર્ય કરીએ છીએ, તો તે આપણા સાધારણ લૌકિક અને વિકારયુક્ત સંકલ્પ છે. આખા દિવસમાં ઉઠતાં, બેસતાં, ચાલતાં, ફરતાં આપણે કેટલા સંકલ્પો કરીએ છીએ. આપણી સર્વ ગતિવિધિઓ સંકલ્પથી જ થાય છે. સમગ્ર કલ્પ જ આપણા સંકલ્પથી ચાલે છે. કલ્પ અને સંકલ્પ સંબંધિત છે. આ કલ્પ શું છે? કલ્પને કલ્પ શા માટે કહીએ છીએ? 5000 વર્ષો સુધી આપણા જે અલગ અલગ સંકલ્પ ચાલતા રહે છે. એના પછી તેનું પુનરાવર્તન થાય છે, જ્યાં સુધી ભિન્ન ભિન્ન સંકલ્પ ચાલે છે, તેની સમય મર્યાદા 5000 વર્ષની છે. ચાલતા તો પાછળથી પણ હોય છે પરંતુ તેનું પુનરાવર્તન થાય છે. બીજું કલ્પ શરૂ થાય છે. ચક્ર બીજું હોય છે. સંકલ્પથી આપણાં કર્મ, આપણું ભાગ્ય બને છે. સંકલ્પમાં જ આપણી મહાનતા અથવા પતનની તરફ જઈએ છીએ. આ સીડી ઉતરવી એ સંકલ્પોથી જ થાય છે. તો સંકલ્પને આટલું મહત્ત્વ આપીએ છીએ યા એને એમજ ખર્ચી દઈએ છીએ?

॥ ઓમશાંતિ ॥

સંકલ્પોને કેચ કરવાની પ્રેક્ટીસ હશે તો સંકલ્પ રહિત પણ સહજ બની શકીશું. વધારે સંકલ્પ ત્યારે ચલાવવા પડે છે જ્યારે કોઈના સંકલ્પને પારખી શકતા નથી. પણ દરેકના સંકલ્પોને રીડ કરવાની પ્રેક્ટીસ હશે તો વ્યર્થ સંકલ્પ વધારે ચાલશે નહીં અને સહજ એક સંકલ્પમાં એકરસ સ્થિતિમાં એક સેકંડમાં સ્થિત થઈ જશો. તો સંકલ્પોને રીડ કરવા એ પણ સંપૂર્ણતાની નિશાની છે.

(અવ્યક્તવાણી - **07-06-70**)

(પેજ નં. 23નું અનુસંધાન)... મુંબઈના ગવર્નર

મર્યાદાઓમાં રહેવાની સમજ આપી. દાદીજી દરેક પ્રત્યે સમભાવ રાખતા. નાદુરસ્ત તબિયતને કારણે દાદી સેવાકેન્દ્ર પર જ રહીને, નાની-મોટી વાતોનું ધ્યાન રાખતા. બહેનોને પાલના અને સમજ-સાવધાની આપતા હતા. દાદીની તીવ્ર ઈચ્છા હતી કે તેઓ મધુવનમાં જ દેહ ત્યાગ કરે. તેથી, દાદીજીની ઇચ્છા મુજબ, અંતિમ દિવસોમાં તેમને ગ્લોબલ હોસ્પિટલમાં દાખલ કર્યા. શીલદાદીજીની દિલથી સેવા કરનાર 'રામીદાદી' પણ અંતિમ સમયે તેમની સાથે જ હતા. શીલદાદીનો મમ્મા સાથે પણ જીગરી પ્રેમ હતો, એટલે જ દાદીજીએ મમ્માના અવ્યક્ત દિવસ ૨૪ જૂનના બે દિવસ પહેલા ૨૨ જૂન ૧૯૯૬ના રોજ પોતાના પાર્થિવ દેહનો ત્યાગ કરી બાપદાદાની શરણ લીધી. આવા મહા-તપસ્વીની, યજ્ઞપ્રેમી, કર્તવ્યનિષ્ઠ, દૃઢ સંકલ્પી, નિશ્ચયબુદ્ધિ શીલદાદીજીને મારા શત્ શત્ નમન.

અનુવાદ - બ્ર.કુ. વિજય પોશિયા,
ઈન્ડિયા કોલોની, અમદાવાદ.

પ્રસન્નતાના પથ પર

કોઈ ગમે તેવું વર્તન કરે પણ આપણે બધાને પ્રેમ આપીએ

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

આજે આખો દિવસ કઈ વાતો થઈ તે ચકાસો. શું કોઈ વાતથી મનમાં હલચલ થઈ હતી? પછી તેને મન પર લઈ જાઓ. એ પરિસ્થિતિમાં ખુદને જુઓ કે પરિસ્થિતિ મારા અનુકૂળ નથી. હું શાંત અને સ્થિર આત્મા છું. આ મારી શક્તિ છે. હંમેશાં ખુશ રહેનાર સુખ સ્વરૂપ આત્મા છું. દરેક સંબંધમાં કોઈ ગમે તેવો વ્યવહાર કરે, મારા સંસ્કાર બધાને પ્રેમ આપનારા હોવા જોઈએ. હું પ્રેમ સ્વરૂપ આત્મા છું. તેને મનમાં રોજ રિપીટ કરો. હું શક્તિશાળી, શાંત સ્વરૂપ, સુખ સ્વરૂપ, પ્રેમ સ્વરૂપ આત્મા છું. એવું વારંવાર બોલો. હું સર્વશક્તિમાન પરમાત્માનું સંતાન છું. માસ્ટર સર્વશક્તિમાન આત્મા છું.

આપણે બધા પરમાત્માને પ્રેમથી યાદ કરીએ છીએ અને કહીએ છીએ. અમે તમારાં બાળકો છીએ. માતા-પિતા કેવા છે? સર્વશક્તિમાન છે. પ્રેમના સાગર છે, વિશ્વ કલ્યાણકારી છે. ક્ષમાના સાગર છે. દુઃખ હર્તા, સુખ કર્તા છે. આપણે એવા પરમાત્માનાં બાળકો છીએ. તો બાળકો કેવા હશે? તમારી પાસે ભરપૂર ધન છે તો શું એવું બની શકે કે તમારાં બાળકો દુનિયા સમક્ષ માંગતા રહે. એક રૂપિયો આપો? આપણા પિતા પ્રેમના સાગર છે. તે દાતા છે. દાતાનો હાથ કેવો હોય? આપનારો હોય છે. આપણે તેમનાં બાળકો છીએ. દાતાના બાળકો આપનારા હશે કે માગનારા હશે?

આપણામાંથી કોને કોને ખુશી જોઈએ છીએ. અને આપણામાંથી કોને કોને શાંતિ જોઈએ છે? કોને કોને પ્રેમ જોઈએ છે. પૂછવામાં આવે ત્યારે આપણો હાથ ઊંચો થાય છે? આપણે કહેતા હતા કે દાતાના બાળકો આપનારા હશે. પરંતુ હાલ જ્યારે પૂછ્યું કે કોને જોઈએ છે તો આપણે હાથ ઊંચો કરી રહ્યા છીએ. શાંતિ જોઈએ, પ્રેમ જોઈએ, ખુશી જોઈએ તો આપણો હાથ કઈ દિશામાં છે? આપનારાની તરફ કે માંગનારાની તરફ? કયો સારો લાગે છે? માગનારાનો કે આપનારાનો? એક વિચાર જીવન બદલી દે છે.

આપણને ખુશી જોઈએ, સંબંધોમાં પ્રેમ જોઈએ. નાના પાસેથી સન્માન જોઈએ. મોટા પાસેથી પ્રેમ જોઈએ. જોઈએ જોઈએ બોલતા ગયા. બજારમાં દુકાનો પર મોટા મોટો ચિત્રો લાગેલા હોય છે કે જો તમે ખરીદી લેશો તો તમારી પાસે ખુશી આવી જશે. તો આપણે કહ્યું, મારે આ જોઈએ છે આમ કરતાં કરતાં એક માન્યતા બની ગઈઅને જેટલી જોઈએ છે, જોઈએ છે, ની માન્યતા બની એટલી ખુશી વધી કે ઘટી? તમે માત્ર એટલું ચકાસો કે ગત કેટલાક વર્ષોમાં એટલે બે-ત્રણવર્ષ જ જોઈ લો. બે ત્રણ વર્ષમાં ખુશી વધી કે ઘટી? ચિંતાઓ વધી કે ઘટી? ગત મહિને હું અમેરિકા ગઈ હતી. ત્યાં પૂછ્યું કે કોને કોને ખુશી જોઈએ છે. તો બધાએ હાથ ઊંચા કર્યા. મોટા ભાગના એવા હતા કે ભારતમાંથી અમેરિકા ખુશી મેળવવા ગયા હતા. આપણે જે પણ કંઈ કરીએ છીએ તે એમ વિચારીને કરીને કરીએ છીએ કે હું આમ કરીશ તો ખુશી મળશે, આ બધું જરૂરી છે. પરંતુ સાથે સાથે આપણે એવું વિચારવું જોઈએ કે આપણે કંઈક બનીશું તો આપવા માટે જ લેવા માટે નહીં.

॥ ઓમશાંતિ ॥

રાજયોગિની માતેશ્વરી જગદંબા સરસ્વતી

રાજયોગિની બ્ર.કુ. જયંતીદીદી, અધિક મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ.

પૂનામાં દાદી જાનકી દ્વારા અમે સન્ 1957માં જ્ઞાનમાં આવ્યાં. એ વખતે મારી ઉંમર આઠ વર્ષની હતી. મમ્મા સાથે મારી પહેલી મુલાકાત ત્યારે થઈ. એ સમયે મમ્માનું બહુ સુંદર માનું રૂપ હતું. મમ્મા એવી રીતે દૃષ્ટિ આપતાં હતાં કે ખરેખર કોઈ અજાણ વ્યક્તિનું પણ દેહભાન બિલકુલ પીગળી જતું. જ્ઞાન તો વધારે સમજણમાં આવતું નહોતું પરંતુ બાબાની વાતો અને બ્રહ્માકુમારી બહેનો ઘણી પ્રિય લાગતી હતી. જ્યારે અમે વિદેશ ગયાં ત્યારે મમ્મા, બાબાના પત્રો આવતા હતા. મમ્મા ગુરુમુખીમાં પત્ર લખતાં હતાં. કારણકે મારી માતા રજનીબેન ગુરુમુખીનું લખાણ વાંચી શકતાં હતાં. મમ્મા કોન્વેન્ટ સ્કૂલમાં ભણ્યાં હતાં એટલે એમનું અંગ્રેજી સારું હતું. જેના કારણે મમ્માની મુરલીઓમાં અંગ્રેજી શબ્દો આવે છે એ વખતે સીંધી લોકો ગુરુગ્રંથ વાંચતા હતા અને પોતાનાં બાળકોને ગુરુગ્રંથ વંચાવવા માટે ગુરુમુખી શીખવાડતા હતા. મમ્માને શીખ ધર્મ તથા ગુરુમુખીનો સારો અભ્યાસ હતો.

બીમાર હોવા છતાં પણ એમનો ચહેરો પૂર્ણિમાના ચંદ્ર જેવો હતો

સન્ 1964માં મમ્માની તબિયત બહુ ખરાબ હતી એમણે બાળકોને મળવાની હા પાડી હતી. બેંગ્લોર, પૂના વગેરે જ્યાં પણ મમ્માનાં પગલાં પડતાં તે સ્થાન ફળીભૂત થઈ જતાં હતાં. મમ્મા, જગદંબા વિશ્વની એટલી સેવા કરતાં છતાં બાળકોને ઘણા પ્રેમથી મળતાં આટલી બીમારીમાં પણ મમ્માનો ચહેરો પૂર્ણિમાના ચંદ્રની જેમ ચમકતો હતો. એમને દર્દ થઈ રહ્યું છે તેની ખબર પણ પડતી નહોતી. અમને પાછળથી ખબર પડી કે દર્દ ઓછું કરવા માટે એમને મોરફીનનાં ઈંજેક્શન આપતાં હતાં. મમ્મા ઘણા પ્રેમથી કહેતાં હતાં કે હવે શરીરનો હિસાબ કિતાબ ચૂકતે થઈ જાય, એટલું સારું મમ્મા એ વિચારતાં નહોતાં કે બીમારી શા માટે આવી? કઈ રીતે આવી? શું થશે? શરીરનો હિસાબ કિતાબ અલગ, આત્મા અલગ.

બાળકોને કદી, કોઈ પણ વાત માટે જબરદસ્તી ના કરો

એ વખતે હું પંદર વર્ષની હતી. લંડનમાં મારી માતા મને મુરલીમાંથી થોડું જ્ઞાન સંભળાવતી અને યોગાભ્યાસ માટે બેસાડતી. પહેલાં તો અમે આ બધું પ્રેમને વશ થઈને કરતાં હતાં પણ થોડા મોટા

થતાં મને લાગ્યું કે મને આમાં કંઈ સમજાતું નથી. તો અમે કંઈક બીજું કરીશું. માતાજી એ તે વખતે તો મારી વાતનો પ્રેમથી સ્વીકાર કર્યો. પરંતુ મમ્માને કહ્યું મમ્મા, આપ જયંતીબેનને કહો અત્યારે થોડો યોગ કરે. મમ્માએ પહેલાં માતાજીને દૃષ્ટિ આપી. પછી મને દૃષ્ટિ આપી. પછી મારી માતાજીને કહ્યું આપ આ અંગે વિચારશો નહીં. એવો સમય આવશે કે તે પોતાની મેળે યોગાભ્યાસ કરશે. બાળકોને કોઈ વાત માટે જબરદસ્તી ના કરતાં પ્રેમથી એમની પાલના કરતા રહો. જેથી આપના જીવનની ધારણાઓમાંથી તે શીખશે. સમય ચાલશે ત્યારે તેઓ પોતાની મેળે જાગૃત થઈ જશે. પછી તેઓ બાબાના ઘેર-સેન્ટર આવશે.

મમ્મા, બાબા, દાદી જાનકીની છત્રછાયામાં

એ વખતે હું પંદર વર્ષની હતી. લંડનમાં મારીમાતા મને મુરલીમાંથી થોડું જ્ઞાન સંભળાવતી અને યોગાભ્યાસ માટે બેસાડતી. પહેલાં તો અમે આ બધું પ્રેમને વશ થઈને કરતાં હતાં પણ થોડા મોટા થતાં મને લાગ્યું કે મને આમાં કંઈ સમજાતું નથી. તો અમે કંઈક બીજું કરીશું. માતાજી એ તે વખતે તો મારી વાતનો પ્રેમથી સ્વીકાર કર્યો. પરંતુ મમ્માને કહ્યું મમ્મા, આપ જયંતીબેનને કહો અત્યારે થોડો યોગ કરે. મમ્માએ પહેલાં માતાજીને દૃષ્ટિ આપી. પછી મને દૃષ્ટિ આપી. પછી મારી માતાજીને કહ્યું, આપ આ અંગે વિચારશો નહીં. એવો સમય આવશે કે તે પોતાની મેળે યોગાભ્યાસ કરશે. બાળકોને કોઈ વાત માટે જબરદસ્તી ના કરતાં પ્રેમથી એમની પાલના કરતા રહો. જેથી આપના જીવનની ધારણાઓમાંથી તે શીખશે. સમય આવશે ત્યારે તેઓ પોતાની મેળે જાગૃત થઈ જશે. પછી તેઓ બાબાના ઘેર - સેન્ટર આવશે.

મમ્મા, બાબા, દાદી જાનકીની છત્રછાયામાં

એકવાર માતાજી મધુવનમાં હતી. એને પીઠના દર્દને કારણે આખી રાત ઊંઘ આવી નહોતી. જ્યારે મમ્માને આ વાતની ખબર પડી તો ઘણા પ્રેમથી મારી માતાની પીઠ ઉપર હાથ ફેરવ્યો. એના પછી કદી પણ માતાને પીઠનું દર્દ થયું નથી. મમ્મા, બાબા, દાદી જાનકીના હાથોમાં સ્પર્શનો એ જાદુ હતો કે કદી આ વાતની પબ્લીસિટી કરતાં નહોતાં. એકવાર મને ચાર દિવસથી તાવ આવી રહ્યો હતો, તે જતો નહોતો. પણ દાદી જાનકીએ મારા મસ્તક પર હાથ મૂક્યોને તાવ ચાલ્યો ગયો. એટલે વાસ્તવિક યોગની શક્તિ શું હોય છે તે આપણે બાબા અને અષ્ટરત્નો દ્વારા જોઈએ છીએ.

સન્ 1965માં મમ્માના અવ્યક્ત થયા પછી અમારા ઉપર બાબાનો ટેલીગ્રામ આવ્યો. **'માતેશ્વરી અવ્યક્ત વતનમાં ગયાં છે. નથિંગ ન્યુ ડ્રામા'** અમે યોગમાં બેસી ગયાં અને બાબાએ બુદ્ધિની દોરી ખેંચી લીધી. અમને એવું લાગ્યું કે અમે અવ્યક્ત રૂપમાં મમ્મા સાથે મિલન મનાવી રહ્યાં છીએ.

સંદેશી દ્વારા મમ્મા સાથે નયન મુલાકાત

જ્યારે અમે સન્ 1966માં મધુવન આવ્યાં તો બાબાએ માતાજીને પૂછ્યું, આપને મધુવનમાંથી કંઈ જોઈએ? બાબાને એમ હતું કે આ દૂર દેશથી આવ્યાં છે, તો મધુવનથી ભરપૂર થઈને જાય. માતાજીએ કહ્યું, હું મમ્માની અનુપસ્થિતિ અનુભવી રહી છું. ગયા વર્ષે આવી હતી ત્યારે

મમ્માએ ઘણી સારી પાલના કરી હતી. બાબાએ કહ્યું, સારું વતનમાં સંદેશ મોકલીશું. પછી જોઈએ કે ડ્રામામાં શું બને છે. તે વખતે બડી દીદીનાં બહેન દાદી શીલઈન્દ્રા મુંબઈથી આવ્યાં હતાં. તેઓ સંદેશી હતાં. સાંજે છ વાગે બાબાએ એમને પોતાના ઓરડામાં બોલાવ્યાં. બાબા અને શીલઈન્દ્રા દાદી ગાદી પર બેઠાં હું, માતાજી, દાદી જાનકી તથા છ જેટલા બ્રહ્માવત્સો સામે બેઠાં. અમે સૌ યોગમાં બેસી ગયાં દાદી શીલઈન્દ્રા વતનમાં પહોંચ્યાં. જ્યારે એમણે (દાદી શીલઈન્દ્રા) આંખો ખોલી તો એવું લાગ્યું કે મમ્મા આવ્યાં છે. દૃષ્ટિ અને નયન મુલાકાતથી એવી અનુભૂતિ થતી હતી. પછી મમ્માએ કહ્યું કે અમને એ સંકલ્પ ચાલે છે કે અમે આપના સમાન ક્યારે બનીશું? મમ્માએ ઘણા પ્રેમથી દૃષ્ટિ આપતાં કહ્યું કે 'આપે લક્ષ્મી બનવાનું છે. તો માતાએ કહ્યું 'નહીં, તેતો આપજ બનશો પણ આપ જેવા મીઠા ક્યારે બનીશું? મમ્માએ ઘણા પ્રેમથી કહ્યું કે તમે તો છો જ બાબાનાં બેટી. પહેલાંથી જ મીઠા છો. માત્ર આ વાત ક્યારેક ભૂલી જાઓ છો. તો આજથી એ સ્મૃતિમાં રાખો, કે હું મીઠી છું. બાબાની બેટી છું.' પછી મમ્મા સર્વને દૃષ્ટિ આપીને વતનમાં ઊડી ગયાં. આ ઘણી વિશેષ મુલાકાત રહી. મમ્માને ત્યારે અવ્યક્ત થયે તેર માસ થયા હતા. એ સમયે તો મમ્મા પોતાના નવા જન્મમાં નાના બાળકરૂપે હશે નાનાં બાળક તો બહુ સુએ છે તો બાબાએ આત્માની કોન્સીયસને ખેંચીને બીજી જગ્યાએ લઈ જાય છે. જ્યારે 1967માં માતાજીએ બાબા સમક્ષ મમ્માને ફરીથી મળવાની દરખાસ્ત મૂકી તો બાબાએ કહ્યું કે હવે અને ડીસ્ટર્બના કરીએ. તે નાનું બાળક પોતાનાં નવાં મા-બાપ સાથે ખેલકૂદમાં છે. એ રીતે બાબાએ સીધી જ ના પાડી. બાબા પ્રેમ પણ આપતા હતા. પણ સાચી વાત સ્પષ્ટ જણાવી પણ દેતા હતા.

8 યા 108 રત્નોની સીટ પર ગઈ તો એટલી મહેનત શા માટે કરું?

પૂનામાં સન્ 1956માં સેવા કેન્દ્ર શરૂ થયું. ફેબ્રુઆરીમાં માતાજી જ્ઞાનમાં આવી અને એ પછી એક, બે માસ પછી મમ્મા પૂના આવ્યાં હતાં. એ સમયે બેગરી પાર્ટ ચાલી રહ્યો હતો. એટલે તે વખતે ઘણી સાદગી હતી. જિજ્ઞાસુ પણ થોડા હતા. પરંતુ વાતાવરણ બહુ શક્તિશાળી હતું. રજનીબહેને મમ્માને પૂછ્યું, અત્યારે તો હું જ્ઞાન સાંભળી રહી છું. યોગ પણ કરી રહી છું. સારું પણ લાગી રહ્યું છે પરંતુ આપ લોકોએ વીસ વર્ષોથી તપસ્યા કરી છે તો આઠ યા એકસો આઠ રત્નોની સીટ તો ભરાઈ ચૂકી છે. જો અમારે પાછળ જ ક્યાંક આવવાનું છે તો હું વિચારું છું કે આટલી મહેનત કરીને, ઘરનું કામ સમેટીને ભાગતી દોડતી આવું. એના કરતાં તો હું જ્ઞાન, યોગ પોતાના ઘેર જ કરું. મમ્માએ મીઠું હસીને, દૃષ્ટિ આપતાં કહ્યું કે જુઓ, કોઈ નાટકમાં પહોંચવા માટે જેણે પગે ચાલીને આવવાનું છે. તેઓ બહુ જલદીથી ઘેરથી નીકળશે. જેમની પાસે બળદગાડી છે તેઓ થોડા સમય પછીથી ઘેરથી નીકળશે. જેની પાસે મોટર છે તે પછીથી ઘેરથી નીકળશે. તો ઘેરથી નીકળવાના સમયની વાત નથી પણ નાટકમાં કેટલા વાગ્યે પહોંચવાનું છે તે મહત્ત્વની વાત છે. પહેલાં આપણને બાબા જે જ્ઞાન આપતા હતા તે એટલું સ્પષ્ટ નહોતું. પ્રેમ હતો, નિશ્ચય હતો કે સતયુગ આવવાનો છે પણ જ્ઞાનનો વિસ્તાર બાબા અત્યારે બતાવી રહ્યા છે. તો તમને અત્યારે જે તક મળી છે. તે અમને મળી નહોતી. આપ લોકો તો વધારે તીવ્રગતિથી આગળ જઈ શકો છો. આટલો સુંદર ઉત્તર મેળવીને રજનીબેન 1957 થી 2001 સુધી અમૃતવેળા, મુરલીના નિયમ ઉપર પાક્કાં ચાલતાં રહ્યાં.

મમ્મા પાસેથી દરેક પ્રશ્નોના ઉત્તરો મળતા

રજનીબેને બીજો પ્રશ્ન પૂછ્યો. કે મમ્મા, બાબા મુરલીમાં કહે છે કે બાળકો પાંચ વિકારો ઉપર જીત મેળવવાની છે. એ તો બરાબર છે પરંતુ બાબા કહે છે કે કામ મહાશત્રુ છે, ક્રોધ ઘણો મોટો શત્રુ છે. પરંતુ મને લાગે છે કે જો પહેલાં આપણે લોભ, મોહ આદિ નાના નાના વિકારોને પકડીએ. એને જીતીને પછી કામ, ક્રોધના ઉપર વિજય પ્રાપ્ત કરીએ, તો શું આ બરાબર છે. મમ્માએ કહ્યું, ‘જુઓ, જો કોઈ સેનાના નાના નાના યોધ્ધાઓને આપ પકડશો, તો મોટા યોધ્ધા અને બીજી સેનાને મોકલતા રહેશે. આપ સમજશો કે મેં તો જીત મેળવી છે. પરંતુ નહીં. જો આપ પહેલે થી જ નક્કી કરી લો કે મારે કમાન્ડરને જ જીતવાના છે. તો કમાન્ડર ઉપર જીત મેળવવાથી બાકીના યોધ્ધાઓ ભાગી જશે. આ રીતે મમ્મા પ્રશ્નોના સચોટ જવાબ આપતાં હતાં. મમ્મા બહુ વિશાળ બુધ્ધિ, વિવેકનાં દેવી હતાં. તે અહીં અમે પ્રેક્ટિકલમાં જોયું.

કુમારી 18 માસમાં જ મા તરીકે પ્રસિધ્ધ થયાં

દાદી જાનકી 18 માસ મોડા જ્ઞાનમાં આવ્યાં હતાં. ત્યારે કોઈએ એમની મમ્મા સાથે મુલાકાત કરાવી તો દાદીએ કહ્યું, આ તો ઓમરાધે છે. તો 18 માસની અંદર જ ઓમરાધેમાંથી મમ્મા બની ગયાં. ઓમરાધેમાંથી જગદંબા અને સરસ્વતી બની ગયાં. સૌ એમને મા કહીને આદર આપતાં હતાં. બાબા પણ. આપણે સમજી શકીએ છીએ કે મમ્માએ કેટલો ગહન, આંતરિક પુરુષાર્થ કર્યો હશે. એક વાર બાબાએ મમ્માને પૂછ્યું કે કાલે આવીને જવાબ આપજો કે પીતાંબરધારી સાથે લગ્ન કરવાનાં છે કે શૂટ-બૂટવાળા સાથે? મમ્માએ ઉત્તર આપ્યો પીતાંબરધારી સાથે. બાબા તો પહેલાંથી જ સમજી ગયા હતા કે આ વિશેષ આત્મા છે. ધીરે ધીરે મમ્મા પણ એ અનુભૂતિ કરવા લાગ્યાં કે હું રાધે જ લક્ષ્મી બનવાની છું. મમ્માની ઓમની ધૂનિ એટલી પ્રભાવશાળી હતી કે સાંભળનાર જાણે બીજી દુનિયામાં પહોંચી ગયાં હોય. બાબા ત્રણ માસ માટે કાશ્મીર ગયા ત્યારે મમ્માએ જ યજ્ઞને સંભાળ્યો. બડી દીદી મનમોહિની અને દાદી પ્રકાશમણિ સહયોગી બન્યાં. કાશ્મીરથી આવીને બાબાએ જાણ્યું કે યજ્ઞ ઘણો આગળ વધી ગયો છે.

મમ્માનો બાબા સાથેનો સંબંધ આજ્ઞાકારિતા, ગંભીરતા, આદરભાવનો રહ્યો

મમ્માનો અભ્યાસ મુંબઈમાં થયો હતો એટલે મમ્મા બહુ ફેશનેબલ હતાં. જ્યારે તેઓ 14 વર્ષનાં હતાં ત્યારે તેમના પિતાજીએ શરીર છોડ્યું. તેથી એમને પરિવાર સાથે હૈદરાબાદ આવવું પડ્યું. જ્યારે પહેલીવાર મમ્માએ બાબાને જોયા તો એવું લાગ્યું કે મને પિતા મળી ગયા છે. એમને તરત જ એ ઘનિષ્ઠ સંબંધનો અનુભવ થવા લાગ્યો. મમ્માએ શરૂઆતથી જ બાબાની જે વાત સાંભળી તેને જીવનમાં ધારણ કરી. મમ્મા જ્ઞાનનું મનન-ચિંતન કરીને જીવનમાં ધારણ કરી લેતાં હતાં. મમ્મા જ્ઞાન સાંભળીને, ગહનતાથી એના ઉપર વિચાર કરીને તરત ધારણ કરી લેતાં હતાં. યજ્ઞનાં નાનાં મોટાં બ્રહ્માવત્સો મમ્માને પૂછતાં આપે આ બધું કઈ રીતે કર્યું? તો મમ્મા એમને પોતાનો અનુભવ સંભળાવતાં. આ રીતે સૌ બ્રહ્માવત્સો એમને **યજ્ઞમાતા**નું સ્થાન આપ્યું. બાબા સદા મમ્માને આગળ રાખતા અને સમર્પણ કરનારનો પત્ર પણ મમ્માના નામના સંબોધનનો જ લેતા. કારણ કે ત્રિકાળદર્શી બાબા આગળ આવનારાં વિઘ્નોને જાણતા હતા. બાબાએ જે કહ્યું, મમ્માએ હાજી સિવાય કદી ના ન પાડી. મમ્મા કહેતાં કે બાબાએ જે કર્યું છે તે જ સાચું છે.

મમ્મા ગરમ કપડાં પહેરતાં નહોતાં

મમ્મા તપસ્યામાં નંબર વન હતાં. મમ્માના યોગમાં બેસવાની સૌને પ્રેરણા થતી હતા. મમ્માને કદી એવું ન લાગ્યું કે મેં બધું ત્યાગી દીધું છે. તેઓ કહેતાં મેં મારું જીવન બાબાને સમર્પિત કરી દીધું અને બાબાએ મારું જીવન આટલું ઉચ્ચ બનાવી દીધું. તે વખતે માઉન્ટ આબુમાં આજ કરતાં વધારે ઠંડી પડતી હતી. છતાં મમ્મા ગરમ કપડાં પહેરતાં નહોતાં. મમ્મા કહેતાં જેટલો ત્યાગ કરશો તેટલું શરીર મજબૂત બનશે. મમ્માની સહનશીલતા વિશેષ હતી. મમ્માની મુરલી સરિતા સમાન હતી. જે એક જ દિશામાં વહેતી હતી. સાંભળનારને એવું લાગતું હતું કે અમને ખરેખર ભગવાનનું અમૃત મળી રહ્યું છે. ભોજન બાબાની પ્રેમભરી યાદમાં જ કરતાં હતાં. તેઓ કહેતાં બ્રહ્માભોજન યજ્ઞનું ભોજન છે.

મમ્માને દૈવી ગુણ સંપન્ન જોઈને દરેકના મુખમાંથી નીકળતું હતું કે આ તો દેવી છે

મમ્માની રોયલ્ટી એ ડિગ્નટી (ગૌરવ) જોતાં એવું લાગતું હતું કે આ લક્ષ્મી છે. મમ્માએ જ્યારે પૂનામાં મુસ્લિમ લોકોને જ્ઞાન સંભળાવ્યું તો તેઓ પાક્કા બ્રહ્માવત્સ બની ગયાં. મમ્મામાં દરેક ધર્મના લોકોને ભગવાનની નજીક લાવવાનું આકર્ષણ હતું. તેઓ પણ મમ્માની દરેક વાતને સત્ય માનતા હતા. દરેકના મુખમાંથી મમ્માએ યજ્ઞ માટે જે સમર્પણ કર્યું તે આધારે એમને લક્ષ્મી પદ મળ્યું. મમ્માનો ચહેરો રુહાની આકર્ષણથી ચમકતો રહેતો હતો. મમ્માએ બાબાને સંપૂર્ણ રીતે અનુસર્યાં.

મમ્માનો સ્વાભાવિક યોગ હતો

એકવાર કોઈએ મમ્માને પૂછ્યું, ‘મમ્મા આપ શિવબાબાને યાદ કરો છો? યા બ્રહ્માબાબાને? મમ્માએ કહ્યું, બાપ-દાદા તો મારી સાથે જ છે. મમ્મા ફક્ત યોગના સમયે જ નહીં પરંતુ નિરંતર બાબાની યાદમાં રહેતાં હતાં. મમ્માનો સ્વાભાવિક યોગ હતો. એકવાર મમ્મા પૂનામાં હતાં તો એકવાર એમણે જાનકી દાદીને કહ્યું, હું આ આત્મા સાથે જઈ રહી છું. આટલા સમયે પાછી આવી જઈશ. દાદીએ કહ્યું, મમ્મા, આપ તો મોટાં છો. આપ જણાવવાની ક્યાં જરૂર છે? તો મમ્માએ કહ્યું રજા લઈને જવાનું હોય છે. અને પાછા આવતાં બધું જણાવવાનું હોય છે. આ હતી મમ્માની એક્યુરેટ જીવન મર્યાદા.

મમ્માએ અનેક આત્માઓનું ભાગ્ય બનાવ્યું

એકવાર ચંદ્રમણિદાદીના પિતાજીએ મમ્માને પૂછ્યું, ‘મમ્મા, હું યજ્ઞમાં મારી પ્રોપર્ટી સમર્પિત કરવા ઈચ્છું છું. પણ અમારું ચાર ભાઈઓનું કુટુંબ સાથે છે, તો હું શું કરું?’ મમ્માએ કહ્યું, આપ તમારા ભાઈઓને પ્રેમ અને નમ્રતાથી કહી શકો છો કે ઘરમાં મારા ભાગે જેટલું આવે છે, તેટલું મને આપો. આવું બ્રહ્મા બાબાએ પોતાના બીઝનેસ પાર્ટનરને કહ્યું હતું. એમને આવું કહેવાની હિંમત નહોતી. તેથી એમણે ચંદ્રમણીદાદીને કહ્યું, ચંદ્રમણિદાદીએ મમ્માને પૂછ્યું. મમ્માએ કહ્યું, તમે શિવશક્તિ બનીને જાઓ અને બધી વાત એમને સાચે સાચી જણાવો. હવે અમારો પરિવાર યજ્ઞમાં સમર્પિત છે તેથી અમારો ભાગ અમને આપો. આટલું કહી યોગ યુક્ત બી જાઓ. ચર્ચા કરશો નહીં. પછી જુઓ, બાબા શું કરાવે છે. દાદી ચંદ્રમણિ બે સપ્તાહમાં જ પોતાનો ભાગ લઈ આવ્યાં. અને બાબાના યજ્ઞમાં સમર્પિત કર્યો. શાંતામણિદાદીજીના પિતાએ પણ મમ્માની પ્રેરણા લઈને આમ કર્યું. બાબા તો ઓથોરિટી છે. એમને સીધા મળવાનું સંભવ નહોતું પરંતુ લક્ષ્મી સ્વરૂપ મમ્મા, માત્ર જ્ઞાનધન આપનારાં જ નહીં પણ અન્ય આત્માઓનું ભાગ્ય બનાવવામાં નિમિત્ત બન્યાં. બહુવિધ પ્રતિભાસંપન્ન મમ્મા આપણા માટે

(અનુસંધાન પેજ નં. 33 પર)

ભગવાનને પ્રિય છે.... યોગ તપસ્યા ભઠ્ઠી

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

'જબ સાત રોજ ભઠ્ઠી મેં બૈઠે, તબ કુછ સમજ મેં આયે' સાકાર મુરલીમાં ભગવાને ઈશારો આપ્યો છે. ભગવાનને ભઠ્ઠી ખૂબ જ પ્રિય છે. સમય પ્રતિ સમયે ભગવાન મુરલીમાં અન્ડરલાઈન કરાવે છે કે ભઠ્ઠી મેં બૈઠો, અનુભવ કરો, પરિવર્તન લાઓ. તેથી યજ્ઞમાં ભઠ્ઠીને વિશેષ સ્થાન આપવામાં આવેલ છે. એપ્રિલ માસ આવે કે તરત જ મધુબન પાવન ભૂમિથી બુલેટીન આવી જાય છે. સેન્ટરની બહેનો એક વર્ષથી ધારણામાં ચાલતા ભાઈ-બહેનોના નામ નોંધાવે છે અને વર્ગીકરણ મુજબ મધુબન ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવે છે. જૂન માસથી ભઠ્ઠીઓ શરુ થઈ જાય છે. ઘણા નવા ભાઈ-બહેનોના કાનમાં જયારે ભઠ્ઠી શબ્દ અથડાય છે ત્યારે તેમના મનમાં પ્રશ્નો ઉદભવે છે કે ભગવાનને પ્રિય એવી ભઠ્ઠી છે શું? બ્રાહ્મણ જીવનમાં ભઠ્ઠીનું મહત્વ શું છે? શું દરેક બ્રાહ્મણોએ ભઠ્ઠી કરવી જોઈએ? આવા ઘણા પ્રશ્નોને લઈને ચર્ચાઓ પણ થાય છે. અત્રે મારી કલમ ભઠ્ઠી જેવા મહત્વના વિષયને આપની સમક્ષ પ્રસ્તુત કરવા સેવામાં ઉપસ્થિત છે.

ભઠ્ઠી શબ્દનો અર્થ

ભઠ્ઠી એટલે અગ્નિ પ્રગટાવી આંચ આપી શકાય એવો મોટો ચૂલો, જેમાં એક પરિવર્તનની પ્રક્રિયા થાય છે. ભઠ્ઠીની વિશેષતા એ છે કે ચીજ-વસ્તુ કે પદાર્થમાં મૂળ સહિત પરિવર્તન લાવે છે. રંગ, રૂપ, સ્વાદ, ગુણધર્મોને બદલવાની પ્રક્રિયા ભઠ્ઠીમાં સમાયેલી છે. વળી પરમાત્મા યોગને અગ્નિ અને જ્ઞાનને ચિતા સાથે સરખાવે છે. કારણ કે યોગ અને જ્ઞાન એવી શક્તિઓ છે, જે આત્મામાં મૂળથી પરિવર્તન લાવે છે. માટે જ પરમાત્મા બાળકોને હમેશા પ્રેરિત કરે છે કે **'મીઠા બાળકો, યોગ ભઠ્ઠીમાં બેસો'.**

આપણે સર્વ જાણીએ છીએ કે ભગવાન પરમધામ છોડી આપણા માટે આવ્યા છે. આપણને પતિતમાંથી પાવન બનાવવા માટે, બાપસમાન સંપૂર્ણ, સંપન્ન બનાવવા માટે, દૈવીગુણ ધારણ કરાવવા માટે, દેવી-દેવતા બનાવવા માટે સ્વયં પરમાત્મા ધરા પર અવતરિત થયા છે. વળી આપણું પણ લક્ષ્ય છે કે આપણે એવો પુરુષાર્થ કરીએ કે શ્રી લક્ષ્મી-નારાયણ સમાન પુરુષોત્તમ બની જઈએ. આપણું લક્ષ્ય તો ઊંચું છે જ પણ લક્ષ્યને પ્રાપ્ત કરવાની યથાર્થ વિધિને જાણીએ છીએ? **પરમાત્માએ આપેલી વિધિ છે - 'યોગ-તપસ્યા-ભઠ્ઠી!'** અનુભવના આધારે કહું છું કે ભઠ્ઠી સિવાય બીજો કોઈ રામબાણ ઉપાય મને દેખાતો નથી માટે જ યજ્ઞમાં ભઠ્ઠીનું અસામાન્ય મહત્વ છે.

જુઓને, જયારે આ દુનિયા છોડી આપણે જઈશું ત્યારે ભગવાન આપણને શું પૂછવાના છે? મીઠા બાળકો, તમે સેન્ટર કેટલા ખોલ્યા? સોશિયલ મીડિયા માટે રીલ કેટલી બનાવી? કેટલા વિડીઓ અપલોડ કર્યા? કેટલા લોકોને વ્હાટ્સેપથી મેસેજ આપ્યો? તમે સાયકલ યાત્રા, અભિયાન, રેલી જે પણ સમય પ્રતિ સમયે આયોજન થયું તેમાં ભાગ લીધો? ના. ક્યારેય નહીં. ભગવાન જેવી ઊંચામાં ઉંચી હસ્તી આવા શુલ્લક પ્રશ્નો નહી જ પૂછે. ઊંચામાં ઊંચા ભગવાન આપણને આપણા ઊંચા સ્તરના જ પ્રશ્નો પૂછશે. 'બેટા, ઊંચુ તારું ધામ (પરમ ધામ), ઊંચું તારું નામ (શિવશક્તિ-પાંડવ),

ઊંચું તારું કામ (વિશ્વ કલ્યાણ) તે મુજબ તારી ઉંચી અવસ્થા - સંપન્ન, સમ્પૂર્ણ, નિર્વિકારી, સમ્પૂર્ણ પવિત્ર, પાવન બનાવી? દુઆઓનો ખજાનો ભરપૂર છે? શું દૃષ્ટિ, વૃત્તિ, સેવાની ક્વાલીટી એટલી ઉંચી છે કે તમારા જડ ચિત્રો દ્વારા ભક્તોની મનોકામના પૂર્ણ થઈ શકે?

હવે પ્રશ્ન એવો ઉદ્‌ભવે છે કે જે ભઠ્ઠી ભગવાનને અતિ પ્રિય છે, તે આપણને પણ અતિ પ્રિય છે? શું આપણે અસાધારણ મહત્વ ધરાવતા ભઠ્ઠી અંગે સંપૂર્ણ જાગૃત છીએ?

જુઓ દુનિયામાં અનેક પ્રકારની ભઠ્ઠીઓ હોય છે. દરેક ભઠ્ઠીનું કાર્ય પણ ભિન્ન-ભિન્ન હોય છે. અત્રે તેની ચર્ચા કરી લઈએ.

રંગારીની ભઠ્ઠી - રંગારી કપડાને રંગવા માટે ભઠ્ઠી સળગાવે છે. ઉકળતા પાણીમાં કાપડને રંગે છે, જેથી કપડાને પાકો રંગ લાગે. વળી ભક્તિ માર્ગમાં એક ભજન પ્રસિદ્ધ છે... ‘રંગાઈ જાને રંગમાં, સીતારામ તણા સત્સંગમાં, રાધેશ્યામ તણા તું રંગમાં .. રંગાઈ જાને રંગમાં ...’ ભજનમાં કોઈ સ્થૂળ રંગની વાત નથી કરી પરંતુ સત્સંગ કે આધ્યાત્મિક જ્ઞાનની વાત કરી છે. સત્સંગને, પ્રભુ પ્રેમને રંગ સાથે સરખાવવામાં આવેલ છે. ભઠ્ઠીમાં વરિષ્ઠ ભાઈ-બહેનોના ક્લાસ હોય છે. ભગવાને આપેલા જ્ઞાનને સરળતાથી આપણે સમજી શકીએ તેથી વરિષ્ઠ ભાઈ-બહેનો વિચાર સાગર મંથન કરી આપની સમક્ષ જ્ઞાન ચર્ચા કરે છે. જ્ઞાનની મહીનતા, ઊંડાણ, લંબાઈ, ચૌડાઈને સમજવાની હોય છે. પરમાત્મા તો બેહદનો રંગારી છે. તેઓ દરેક બાળકને એવી સ્નેહયુક્ત પાલના આપે છે કે બાળકો પ્રભુ પ્રેમમાં રંગાઈ જાય છે, જે ક્યારેય ઉતરતો નથી. માયાવી દુનિયામાં અનેક આકર્ષક રંગો, જે આત્માને આકર્ષિત કરવા સક્ષમ હોવા છતાં પ્રભુ પાલના, પ્રભુ પ્રેમ, ઈશ્વરીય પરિવારના પ્રેમના રંગે રંગાયેલો બાળક સદા સુરક્ષિત રહે છે. તેથી જ પ્રભુ પ્રેમનો રંગે રંગવા ભઠ્ઠી જરૂરી છે.

ધોબીની ભઠ્ઠી - ઘણીવાર કપડામાં એવા દાગ લાગી જાય છે કે તેઓ સાબુ, વાશિંગ પાઉડર કે લીક્વીડ કેમિકલના ઉપયોગ કર્યા બાદ પણ નીકળતા નથી. ત્યારે ધોબી કપડાને ભઠ્ઠીમાં નાખી કપડાને સ્વચ્છ-બેદાગ બનાવે છે. ભક્તિમાર્ગમાં એક ગીત પણ છે ને! ‘લાગા ચુનરી મેં દાગ છુપાવું કૈસે?’ એમાં એક લાઈન આવે છે **કોરી ચુનરિયા આત્મા મોરી, મૈલ હૈ માયાજાલ. વો દુનિયા મોરે બાબુલ કા ઘર, એ દુનિયા સસુરાલ.. જાકે બાબુલ સે નજરે મિલાઉ કૈસે, ઘર જાઉં કૈસે?** આ ગીતમાં આત્માને કપડા સાથે અને માયાને દાગ સાથે સરખાવવામાં આવેલ છે. આત્મામાં જે દાગ લાગ્યા છે તે સ્વચ્છ કર્યા બાદ જ મૂળ વતનમાં જઈ શકાશે. જો આત્મા શુદ્ધ કે પવિત્ર નહી બને તો બાબુલ અર્થાત પરમાત્મા પિતા સામે નજર પણ મિલાવી શકાશે નહી. માટે આત્મામાં જે મેલ લાગ્યો છે એને ઉતારવા ભઠ્ઠી આવશ્યક છે.

કુંભારની ભઠ્ઠી - કુંભારની ભઠ્ઠીથી સૌ પરિચિત છીએ. કુંભાર માટીના વાસનો, કે માટલા બનાવે અને ભઠ્ઠીમાં પકવે છે, જેથી માટલા આપણને શીતળ જળ આપી શકે.

બાગવાનની ભઠ્ઠી - બાગવાન કાચા કેળા કે કાચા ચીકુને ભઠ્ઠીમાં પકવે છે, જેથી કેળા કે ચીકુ મીઠા થાય.

સોનીની ભઠ્ઠી - સોની સોનાને ભઠ્ઠીમાં તપાવે છે. જેથી સોનામાં ભેળવેલી એલોયને ઓગાળી સોનાને શુદ્ધ બનાવી શકે.

લુહારની ભઠ્ઠી - લુહાર લોઢાને ભઠ્ઠીમાં નાખી ગરમ અને નરમ કરે છે. પછી હથોડાથી ટીપી આકાર આપે છે.

ઉપરોક્ત વાતોને સમજવાથી ભગવાને

જ્ઞાન-યોગને ભઠ્ઠી કેમ કહી છે? એની સ્પષ્ટ સમજ થઈ ગઈ છે. પરમાત્મા ઈચ્છે છે કે દરેક બાળકો ભઠ્ઠીમાં જાગૃત રહી તીવ્ર પુરુષાર્થ કરી કર્મેન્દ્રિયોને શાંત-શીતલ બનાવે. વ્યવહાર-વાણીમાં મીઠાશ લાવે, આત્મામાં રહેલા રજો, તમો સંસ્કારને ઓગાળી આત્માનું શુદ્ધિકરણ કરે અને કાઠામાં કાઠા સંસ્કારને નરમ કરી શ્રેષ્ઠ ચરિત્રનું ઘડતર કરે. આ જ કારણથી પરમાત્માને કુંભાર, ધોબી, બાગવાન, સુનાર કે લુહાર કહેવામાં આવે છે.

ભઠ્ઠીમાં જવાની તક મળવી એ પણ સૌભાગ્ય છે. પણ મળેલી તકને સાર્થક કરવી એ પદ્માપદમ ભાગ્ય. મધુબન તપોભૂમિ, પાવન ભૂમિમાં ભઠ્ઠી કરવાની તક ભાગ્યશાળી આત્માને જ મળે છે. ભઠ્ઠીને યથાર્થ રીતે કરવાથી અનેક ગણી પ્રાપ્તિનો અનુભવ થાય છે.

ભઠ્ઠી કરવાની વિધિ

પરમાત્મા હમેશાં કહે છે કે વિધિથી સિદ્ધિ મળે છે. તેથી ભઠ્ઠીને ક્રમશઃ સમજીશું.

લક્ષ્ય - મધુબન જવાવાળાનું લક્ષ્ય જુદું-જુદું હોઈ શકે છે. તેથી પ્રાપ્તિ પણ જુદી-જુદી થવાની છે. જુઓ એક વાત સ્પષ્ટ છે કે આપણે જે ભાવનાથી મધુબન જઇશું તેનું ભાડું ભગવાન આપણને આપશે જ. તેથી ભઠ્ઠીમાં જવાનું લક્ષ્ય સ્પષ્ટ હોવું જરૂરી છે, જેથી ઓછા સમયમાં વધુને વધુ પ્રાપ્તિ કરી શકાય. **બીજું મને હમેશા એવું ફિલ થાય છે કે હું યજ્ઞ રક્ષક છું, હું બ્રાહ્મણ છું. યજ્ઞની વ્યવસ્થા, યજ્ઞની વસ્તુઓ, યજ્ઞનું ભોજન જે કઈ છે એને સ્વીકારવું, સહયોગ આપવો, બગાડ થતા બચાવવું એ મારી જવાબદારી છે. યજ્ઞને સફળ કરવા તન-મન-ધનથી સહયોગ આપવો એ મારું કર્તવ્ય છે. જે મને મળે છે તેનાથી સંતુષ્ટ રહેવું એ મારી સભ્યતા છે.**

લક્ષ્યની સકારાત્મક પાસું હોઈ શકે? ભઠ્ઠીમાં પોતાની કમી-કમજોરી સ્વાહા કરવાના લક્ષ્ય સાથે જવું આ વાત એક પાસાંથી સકારાત્મક દેખાતી હોવા છતાં ક્યાંકના ક્યાંક નકારાત્મક બદબૂ તો ફિલ થાય જ છે. ઘણીવાર મને આ વાત પાવન યજ્ઞમાં હાડકા નાખવા જેવી લાગે છે. **શું એની જગ્યાએ સકારાત્મક દૃષ્ટિકોણથી એવું લક્ષ્ય રાખી શકીએ કે હું બેહદ પ્રેમનો અનુભવ કરી પ્રેમથી ભરપૂર થઈને આવું, હું પવિત્રતાની પરાકાષ્ઠાને અનુભવ કરું, હું પ્રભુ પ્રેમમાં એટલો બધો ખોવાઈ જવું કે દેહ, દેહની દુનિયાથી પર પરમાનંદનો અનુભવ કરું.** કહેવાનો ભાવ એ છે કે ભઠ્ઠીમાં સકારાત્મક, ઊંચું લક્ષ્ય સાથે જોડાઈએ. તો વધારે સાર્થક રહેશે ને!

તકેદારી - દુનિયાવી ભઠ્ઠીની એક વિશેષતા હોય છે કે ભઠ્ઠીને ચારે બાજુથી પેક કરી દેવામાં આવે છે જેથી એને હવા ના લાગે કે આગ ઓલવાઈ ના જાય. એ જ રીતે આપણે પણ ભઠ્ઠી સમયે એવી જ તકેદારી રાખીએ તો? બાહ્ય-મુખતાથી પોતાની જાતને સાચવવાની? કારણ કે બાહ્યમુખતા એ એવી હવા છે જે યોગ અગ્નિને ઠારવી શકે છે. લક્ષ્યથી મન-બુદ્ધિને ભટકાવી શકે છે.

સંગથી પોતાની જાતને સાચવીએ - મધુબનની દિનચર્યા નિશ્ચિત છે. વળી આપણે રસોઈ કરવાનો, કપડા ધોવાના, વાસણ સાફ કરવાના, કચરા-પોતા કરવાના, ઓફિસમાં જવાનું વગેરે બધી જ જવાબદારીઓથી મુક્ત છીએ. જેથી શારીરિક થાકથી પણ દૂર જ રહેવાના. વળી લક્ષ્ય સુધી પહોચવા માટે દુનિયાવી વિઘ્નો પણ આપણને નડવાના નથી. પણ સંગ પ્રભાવિત કરી શકે છે. કેટલાક કહેશે કે ચાલો આબુ ફરવા જઈએ, કેટલાક ખરીદારી કરવા પ્રોત્સાહિત કરશે તો કેટલાક જ્ઞાનમાં એની એ જ

વાતો હોય છે એવી વાતો કહેશે, તો કેટલાક આપણે ગાર્ડનમાં બેસીએ, ખુલ્લામાં યોગ કરીએ એવી ભાવનાઓ પણ વ્યક્ત કરશે. અનુભવથી કહું છું કે કાયદામાં ફાયદા છે. યજ્ઞમાં એવી વિધિ બનાવી છે કે તમને ફરવાની પણ તક મળે છે, ખરીદારી કરવાની પણ સુવિધા મળે છે. એટલે સંગથી પોતાની જાતને બચાવવા એ તકેદારી રાખવી. આ જ કારણથી મારા માટે કેટલાક એવું પણ કહે છે કે હું રીઝર્વ છું, અભિમાની છું, મારો સ્વભાવ મિલનસાર નથી. વગેરે વગેરે.. અંતર્મુખી રહેવું રીઝર્વની નિશાની છે તો તે મને પસંદ છે. કારણ કે મારા બાબાની શ્રીમત છે. મેં મારા જીવનથી એક વાત તો શીખ્યો છું કે ભગવાનના સંગથી ઉંચો સંગ આ દુનિયામાં કોઈ સંગ નથી જ. હા પીકનીકના સમયે પીકનીક કરવાની, મનોરંજનના સમયે મનોરંજન કરવાનું, ફરવાના સમયે ફરવાનું, ગરબા ગાવાના સમયે ઝૂમીને ગરબા ગાવાના. પણ જ્ઞાન-યોગના સમયે હું અને મારું ભણતર. સેવા કોઈ પણ પ્રકારની હોય તે દિલથી કરવાની. કહેવાનો ભાવ છે કે લક્ષ્યથી દૂર લઈ જવાવાળાથી સાવધ રહેવું એ શ્રેષ્ઠ વિદ્યાર્થીની નિશાની છે.

બહાનાબાજી - આ બાજી એવી છે જે બ્રાહ્મણોને હરાવે છે, થકવાડે છે. લક્ષ્યથી બેમુખ કરાવે છે, લાપરવાહી, નિષ્કાળજી જેવા અવગુણોને વિકસિત કરે છે. બહાનાબાજીની યાદી લાંબી અને મહીન છે. આપ સાક્ષી બની પોતાની જાતને નિહાળશો તો મહેસૂસ કરી શકશો.

મહેસૂસતા અને દૃઢતા - ભઠ્ઠીને માણવાનો સુગમ સાધન છે- મહેસૂસતાની શક્તિ અને દૃઢતા. જયારે ભઠ્ઠીમાં દિલથી જોડાઈએ છીએ તો ઘણી બાબતો હૃદયને સ્પર્શે છે. મહેસૂસ થાય છે. કોઈને સાક્ષાત્કાર કે અનુભવ થાય એના કરતા પણ મહેસૂસ કરેલી વાત જીવન પરિવર્તન કરવા માટે વરદાન સાબિત થાય છે. એ ભવિષ્ય માટે સંકેત હોઈ શકે છે, તમારા ભાગ્યનાં દ્વાર ખટખટાવી શકે છે, તમારા દ્વારા અસંભવ કાર્ય સંભવ થઇ શકે, કોઈના કલ્યાણ માટે એ સાધન બની શકે છે. હૃદયને સ્પર્શી ગયેલી વાતને વારંવાર અમૃત-વેળાએ દૃઢતા કે સંકલ્પ કે સ્મૃતિથી સિંચન કરવું, બાબાની યાદનું શક્તિ રૂપી ખાતર આપવું, એ સફળતાની ચાવી છે.

ભઠ્ઠી શા માટે કરવી જોઈએ?

૧. મનોબળ વધારવા માટે મનનું મૌન રાખીએ. મનનું મૌન એટલે પોતાની જાતને વ્યર્થથી, નકારાત્મકતાથી મુક્ત રાખવું. મનના માલિક બની પોતાની જાતને ચેક કરવું. જ્ઞાન સાગર બાબાએ આપેલા જ્ઞાનનું મનન ચિંતન કરવું. સર્વ પ્રાપ્તિઓમાં મગ્ન થઈ ખુશીનો અનુભવ કરવો.

૨. મનની શુદ્ધતા તેમજ એકાગ્રતા વધારવા માટે ભઠ્ઠીમાં વિશેષ પોતાની જાતનું ચેકિંગ કરવાનું હોય છે. જેમ કે મનમાં સંકલ્પ નકારાત્મક છે કે સકારાત્મક? નકારાત્મક સંકલ્પને સકારાત્મક સંકલ્પમાં પરિવર્તન કરવું.

૩. આત્મ-ઉન્નતિ માટે બાબાએ આપેલા લક્ષ્ય સુધી પહોચ્યા છીએ કે કેમ તેનું ચેકિંગ ભઠ્ઠીમાં કરવું જેમ કે બાબાને પ્રત્યક્ષ કરવા માટે કઈ ધારણાઓ હજી પણ કરવાની છે? શું હું બાપ સમાન સંપન્ન બન્યો છું? એટલે કે સર્વ વિઘ્નોથી પાર નિર્વિઘ્ન અવસ્થા બની છે? શું બધી જ કમી-કમજોરી સમાપ્ત થઈ ગઈ છે?

૪. પોતાની જાતને લાઈટ અનુભવ કરવા માટે જેમ પહેલા જણાવ્યા અનુસાર ભઠ્ઠીમાં

(અનુસંધાન પેજ નં. 30 પર)

મુંબઈના ગવર્નર સાહેબ તથા શહેજાદી
રાજયોગિની દાદી શીલઈન્દ્રાજી

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ



સ્વયં ઈશ્વર દરેક કલ્પના અંતે, એટલે કે કળિયુગ અને સતયુગના સંગમ પર, અલૌકિક રચનાનું સર્જન કરે છે તેમજ દૈવી ગુણોનાં શૃંગારથી મનુષ્યોને દિવ્ય સૌંદર્ય પ્રદાન કરી દેવ બનાવે છે. એ દૈવી સૌંદર્યને નિહાળી કોઈએ વિરાટ રચનાકાર પરમાત્માની મહિમામાં ગાયું છે - જેની રચના આટલી સુંદર તે કેટલો સુંદર હશે? સાચું કહું તો, વર્તમાન સંગમયુગમાં, શિવપિતાએ પ્રજાપિતા બ્રહ્મા દ્વારા રચેલી રૂહાની રચનાને '(દાદી) પ્રકાશમણિ, (દાદી) હૃદયમોહિની' જેવા સુંદર અવ્યક્ત નામો આપ્યા. બ્રહ્માબાબા પણ ગુણ પ્રમાણે તેમને પ્રેમથી '(બેટી) કુમારકા, ગુલઝાર (દીકરી)' વગેરે નામોથી બોલાવતા હતા. આ રૂહાની આકાશના નક્ષત્રોમાં એક ચમકતો તેજસ્વી તારો હતો 'દાદી શીલઈંદ્રા જી' દાદીજીનો ચહેરો, નાક-નકશો, કદ-કાઠી, દૈહિક બનાવટ ખૂબ જ સુંદર-ખૂબસૂરત હતી. દાદીજી બ્રાહ્મણ પરિવારની મર્યાદાઓમાં ખૂબ જ પાક્કા હતા. દાદીજી ખૂબ જ રોયલ, શાંત, સરળ સ્વભાવના, ધીરજવાન, યજ્ઞને સમર્પિત, અત્યંત સજાગ અને સર્વગુણોમાં શ્રેષ્ઠ હતા, તેથી બ્રહ્માબાબા ખૂબ ગર્વથી શીલ દાદીજીને 'મુંબઈના ગવર્નર' કહેતા.

દાદીજી જ્યારે મુંબઈથી મધુબન આવતા ત્યારે તેમનો ક્લાસ હિસ્ટ્રી હોલમાં રાખવામાં આવતો હતો, ત્યારે દાદી મુંબઈના સેવા સમાચાર સંભળાવતા. દાદીજી યજ્ઞવત્સો માટે વિશેષ ટોલી અને સિઝનનું પહેલું ફળ 'કેરી' લાવતા. મધુબન નિવાસીઓ દાદીજીને સ્નેહ અને સન્માન આપી કહેતા, 'ગવર્નર સાહેબ આવ્યા છે'

દાદીજીનો દૈહિક જન્મ સિંધ હૈદરાબાદમાં એક સમૃદ્ધ ધનાઢ્ય પરિવારમાં થયો હતો. પિતા 'તુલસીદાસજી' અને માતા 'રુકમણિજી'એ દાદીને નામ આપ્યું 'જેઠી' રુદ્ર યજ્ઞમાં દાદીજી સમર્પિત થયા ત્યારે સંદેશી દ્વારા શિવપિતાએ દાદીજીને અવ્યક્ત નામ આપ્યું, 'શીલઈંદ્રા!' શીલ એટલે ચરિત્ર અને ઈન્દ્ર એટલે ઈન્દ્રિયોને જીતનાર... આ અર્થમાં, શીલઈન્દ્રાદાદી પણ 'જેવું નામ તેવા ગુણ' ને અનુરૂપ શ્રેષ્ઠ ચારિત્ર્યવાન અને કર્મેંદ્રિયજીત હતા. યજ્ઞમાં તમામ યજ્ઞવત્સો અને દાદીઓ પ્રેમથી તેમને 'શીલદાદી' કહેતા હતા. દાદીની ચાલવાની, બોલવાની, રહેવાની અને વિચારવાની રીત બધું રાજકુમારી જેવું હતું, તેથી બ્રહ્માબાબા દાદીને પ્રેમથી 'શહેજાદી' પણ કહેતા.

શીલઈન્દ્રા દાદીજી લૌકિકમાં દીદી મનમોહિનીજીના નાના બહેન હતા. 'ચેનરાઈ પરિવાર'ના નામથી દાદીનો લૌકિક પરિવાર પ્રખ્યાત હતો, તે સિંધનો પ્રખ્યાત ધનાઢ્ય પરિવાર હતો. યજ્ઞમાં સમર્પિત થનાર પરિવારોમાં દાદીજીનો પરિવાર ધનવાન પરિવારોમાંથી એક હતો. દાદીજી એક વિશાળ સંયુક્ત કુટુંબ સાથે ખૂબ જ મોટા મકાનમાં રહેતા હતા, જે આખું મકાન જોવામાં અડધો કલાક જેટલો સમય લાગતો હતો. ઘરમાં દરેક કામ માટે નોકરો હતા,

દાદીજીના વાળ ઓળવા માટે પણ નોકર હતા.

વાત ૧૯૩૬ની વાત છે, હૈદરાબાદમાં ચારે બાજુ ઓમમંડલી વિશે ઘણી ચર્ચા હતી. શીલઈન્દ્રા દાદીના લૌકિક સંબંધીઓ સત્સંગ કરવા બ્રહ્માબાબા પાસે જવા લાગ્યા, ત્યારે શીલદાદીના સંબંધીઓ સાથે ત્યાં જવાનું શરૂ કર્યું. સત્સંગમાં સંભળાવવામાં આવતા પરમાત્મ જ્ઞાનથી દાદીજી ખૂબ જ પ્રભાવિત થયા. તેમને સંપૂર્ણ નિશ્ચય થઈ ગયો કે સ્વયં ઈશ્વર જ આ અદ્ભુત જ્ઞાન આપી રહ્યા છે. જેમ-જેમ તેઓ જ્ઞાનના માર્ગે આગળ વધવા લાગ્યા ત્યારે તેમને સમાજના ઉગ્ર વિરોધનો સામનો કરવો પડ્યો. દાદીજીના પરિવારના છ સભ્યો યજ્ઞમાં સમર્પિત થયા હતા - ૧) શીલદાદી, ૨) તેમનાં લૌકિક માતા 'રુકમણિજી' - જેમને બ્રહ્માબાબા પ્રેમથી 'ક્વીન મધર' કહેતા હતા, ૩) દાદીજીની મોટી બહેન મનમોહિની દીદી, ૪) દાદીનાં કાકી લીલાવતી માતા અને બે પિતરાઈ બહેનો, ૫) દાદી વૃજશાંતા અને ૬) દાદી હરદેવી. આને કારણે સિંધમાં ભારે હોબાળો થયો, દાદીના કાકા લોકોમલ પિકેટિંગ કરવામાં અને ઓમ મંડળી સામે કેસ કરવામાં વિરોધીઓમાં આગળ હતા.

સન્ ૧૯૫૦માં દાદીજી પણ બ્રહ્માબાબા સાથે માઉન્ટ આબુ આવ્યા. બ્રહ્માબાબાએ શિવસંદેશ આપવા માટે ભારતના ખૂણે-ખૂણે બ્રહ્માવત્સોને મોકલવાનું શરૂ કર્યું. ભારત પાકિસ્તાનના ભાગલા પછી મોટાભાગના સિંધી લોકો મુંબઈ-પૂના અને ભારતના અન્ય શહેરોમાં સ્થાયી થયા હતા. ત્રિકાલદર્શી શિવબાબા અને દૂરંદેશી બ્રહ્માબાબાએ યજ્ઞવત્સોને ખૂબ યુક્તિપૂર્વક લૌકિક મિત્ર-સંબંધીઓ પાસે સેવા માટે મોકલ્યા. બાબાએ ખાસ કરીને ત્રણ માતાઓ અને દીકરીઓને પસંદ કરી. જેમાં શીલદાદીજી અને



માતા ક્વીનમધર, દાદી રતનમોહિનીજી અને દેવીમાતા સાથે મુંબઈ મોકલ્યા. એ જ રીતે લીલાવતી માતાની સાથે વૃજશાંતાદાદી અને હરદેવીદાદીને પુણે મોકલ્યા. આ ત્રણેય મા-દીકરીઓ ખૂબ જ સમૃદ્ધ પરિવારમાંથી હતા. ક્વીનમધર અને દેવીમાતાને મુંબઈમાં તેમના સંબંધીઓએ સેવા માટે ફ્લેટ આપ્યા. તો લીલાવતીમાતાને પુણેમાં ફ્લેટ મળ્યો. શીલઈંદ્રા-દાદીના લૌકિક પરિવારની મુંબઈમાં જસલોક હોસ્પિટલ અને કિશન ચેનરાઈ કોલેજ હતી. શરૂઆતમાં, બ્રહ્માબાબા અને કેટલાક ગણ્યા-ગાંઠ્યા પરિવારોના ધનથી ૧૪ વર્ષ સુધી બ્રહ્મા-વત્સોની પાલના થઈ. પરંતુ પાછળથી આર્થિક તંગી ઉભી થઈ (બેગરી પાર્ટમાં) તેથી શીલદાદીના પરિવારે યજ્ઞને આર્થિક મદદ કરી. શીલદાદીના લૌકિક ભાઈ મિઠ્ઠુએ પણ સમય પ્રતિ સમય યજ્ઞમાં મદદ કરી. દાદીજીનાં લૌકિક ભાભી 'કમલા' પણ ગુપ્ત રીતે ધન મોકલીને મદદ કરતા રહ્યા.

શિવપિતા સ્વર્ગની રચના કરવા બ્રહ્મા-બાબાના તનમાં પધાર્યા, બ્રહ્માબાબા અવ્યક્ત થયા તો શિવબાબા સંતરીદાદીના તનમાં આવ્યા. ત્યારપછી ગુલઝારદાદી અવ્યક્ત બાપદાદાના રથ બન્યા. એ જ રીતે યજ્ઞના મહત્વના નિર્ણયો

સંભળાવવા ઘણીવાર શીલઈંદ્રાદાદીનાં તનમાં ઓલમાઈટી શિવબાબાની પધરામણી થઈ. બાબાએ સ્વર્ણિમ સંસારના રાઝ ખોલ્યા. દાદી મોટાભાગે મુંબઈમાં જ રહેતા, પણ સમયાંતરે મધુબન આવી વિશેષ સંદેશીનો જ પાર્ટ ભજવતા. યજ્ઞમાં જમીન ખરીદવી હોય કે મકાન કે ફ્લેટ ખરીદવો હોય તો શીલદાદી જ સંદેશો લાવતા. એકવાર બાબાએ દાદીજીને ધ્યાનમાં બતાવ્યું કે મધુબનમાં એક જગ્યાએ ડીઝલ લીક થઈ રહ્યું છે. સંદેશ સાંભળ્યા પછી પ્રકાશમણિદાદીએ ચેક કરાવ્યું તો વાત સાચી નીકળી. તેવી જ રીતે, વર્ષ ૧૯૭૩ની વાત છે - ભારત સરકાર ઈન્કમટેક્ષનાં કાયદામાં ફેરફાર લાવવા માંગતી હતી કે, દરેક સંસ્થા પાસે દાન આપનારનું નામ અને સરનામું હોવું જોઈએ. જો આ કાયદો પસાર થયો હોત તો ભંડારી પ્રથા સમાપ્ત થઈ જાત. ત્યારે બાપદાદાએ શીલદાદીના તનમાં અચાનક પધરામણી કરી શ્રીમત આપી કે ભંડારી પ્રથા ચાલુ રહેશે. જેથી બધા નિશ્ચિંત થઈ ગયા. શીલદાદી તો યજ્ઞ ઈતિહાસનાં તે વિશેષ સંદેશ પુત્રી હતા, જેના સંદેશાઓથી યજ્ઞના અનેક નાના-મોટા સફળ નિર્ણયો લેવામાં આવ્યા.

બ્ર.કુ. રમેશ શાહ શીલદાદીમાં શિવબાબાના પધરામણીની એક રસપ્રદ વાત સંભળાવે છે, '19 એપ્રિલ 1965ના રોજ માતેશ્વરીજીને કેન્સરની તપાસ કરાવવા ડોક્ટર પાસે લઈ જવામાં આવ્યા હતા. મારી બહેન અનિલાને ડોક્ટરે કહ્યું, 'મમ્માનું કેન્સર ઝડપથી ફેફસાં તરફ વધી રહ્યું છે, મમ્મા લાંબું જીવશે નહીં.' આ સાંભળીને મને ખૂબ જ દુ:ખ થયું, હું 20 એપ્રિલે શીલદાદી પાસે ગયો અને કહ્યું, 'તમે બાબા પાસે જાઓ અને તેમને નીચે મને મળવા મોકલો.' શીલદાદીએ ના પાડી અને કહ્યું, 'તમે બ્રહ્માબાબાને પૂછો, જો બ્રહ્માબાબા કહેશે તો હું જઈશ.' મેં કહ્યું, 'ખૂબ જ જરૂરી છે, તમે બાબાને અરજી કરો કે રમેશ દીકરો તમને નીચે મળવા માંગે છે, બાબા, અરજી સ્વીકાર હોય તો તમારા તનમાં પધારે.' શીલદાદીએ કહ્યું, 'તમે સંદેશો આપો, હું પૂછીને આવીશ.' મેં કહ્યું, 'હું તમને સંદેશો ન આપી શકું, તમે બાબાને પૂછો.' શીલદાદી શિવબાબા પાસે ગયા. સર્વશક્તિમાન શિવબાબા શીલદાદીના તનમાં પધાર્યા. મેં અધિકારથી કહ્યું, 'બાબા, તમે સુપ્રિમ સર્જન છો, આપ જ મમ્માની સારવાર કરો.' બાબાએ કહ્યું, 'દીકરા, ડ્રામાને આ જ મંજૂર છે.' મારી આંખોમાંથી ગંગા-જમના વહેવા લાગ્યા. બાબાએ મારા જ રૂમાલથી મારા સ્નેહ બિંદુ લૂછ્યા, જેથી શીલદાદીને પણ તેની ખબર ન પડે. ડોક્ટરે મમ્માની સારવાર કરી તેમને 4 જૂન 1965ના રોજ આબુ જવાની રજા આપી. મારી બહેન મમ્મા સાથે આબુ ગઈ અને પાછી આવીને કહ્યું, 'મમ્માની તબિયત દિવસેને દિવસે બગડી રહી છે.' મેં 17 જૂન, 1965 ગુરુવારના રોજ શીલદાદીને સંદેશો લઈ જવા કહ્યું કે બાબા, મારે ગમે તે રીતે મમ્માના અંતિમ સંસ્કારમાં હાજર રહેવું જ છે. બાબા આજ સુધી કંઈ નથી માંગ્યું, આટલું કરો, મમ્માના અંતિમ સંસ્કારમાં હાજરી આપી શકું. દાદીએ ગુસ્સામાં કહ્યું, 'તારી જીભથી આ શબ્દો કેવી રીતે નીકળી શકે કે મમ્માના અંતિમ સંસ્કારમાં પહોંચુ.' મેં કહ્યું, 'દાદી, તમારી ફરજ છે બાબાનો સંદેશો લાવવાની, હું તમને વધુ નહીં કહી શકું.' આજ્ઞાકારી શીલદાદી બાબા તરફથી સંદેશો લઈને આવ્યા, 'દીકરા, ડ્રામામાં હશે તો ચોક્કસ પહોંચી જઈશ.' 24 જૂન, 1965ના રોજ મમ્મા અવ્યક્ત થયા. બીજે દિવસે હું, શીલદાદી, ઉષાબહેન, નારાયણદાદા અને નલિનીદીદી પ્લેનથી ઉતરી ટેક્સી કરી મહેસાણા

પહોંચ્યા, ત્યાંથી દિલ્હી મેલ પકડી આબુ રોડ પહોંચ્યા અને સીધા સ્મશાન ઘાટ પહોંચી માતેશ્વરીજીને અંતિમ વિદાય આપી. આવા હતા આપણા નિર્માણચિત્ત શીલદાદીજી.

વિદેશ સેવાના શ્રીગણેશ કરવામાં પણ શીલઈંદ્રાદાદી જ નિમિત્ત બન્યા. વર્ષ 1971માં, શિવબાબાએ શીલદાદીને 5 મહારથીઓના પ્રતિનિધિ મંડળના નિર્દેશક બનાવ્યા જેમાં ૧) જગદીશભાઈ, ૨) રમેશભાઈ, ૩) રોઝીબહેન ૪) ડો. નિર્મલાબહેન અને ૫) ઉષાબહેન. આ બધાનાં ગૃપ સાથે શીલદાદીને વિદેશ સેવા માટે મોકલ્યા. વિદેશમાં સેવા દરમિયાન શીલદાદી જ બાપદાદાના સંદેશા લાવતા હતા. એકવાર આ બધા ન્યુયોર્કમાં એક પ્રદર્શની કરવા નિકળ્યા અને લિફ્ટમાં બેઠા. અચાનક શીલદાદીને શિવબાબાથી ટચીંગ થઈ કે તેઓ શિવબાબાને યાદ કર્યા વિના જ નીકળ્યા છે. તેમને શિવબાબા પાસેથી શ્રીમત મળી હતી કે સેવા માટે જતા પહેલા પાંચ મિનિટ શિવબાબાને યાદ કરીને નીકળવું. બધા લિફ્ટમાંથી નીકળી બાબાને યાદ કરવા લાગ્યા. શીલદાદીની બુદ્ધિની દોરી ખેંચી બાબાએ સંદેશો આપ્યો, ‘આ પરદેશ છે, ભારત નથી, કે જ્યાં ઘણાં જિજ્ઞાસુઓ હોય, જો કોઈ ચીજ રહી ગઈ હોય તો જિજ્ઞાસુ લઈ આવે. અહીં તમારે પોતે જ પૂજ્ય અને પોતે જ પૂજારી બનીને ચાલવુ પડશે. તમે બધી તૈયારી કરી, પણ દીપ પ્રજ્વલન માટે માચીસની પેટી ન લીધી.’ આ સંદેશ સાંભળી સામાન જોયો તો માચીસની પેટી ન હતી. બધા માચીસ બોક્સ લઈને પ્રદર્શની કરવા ગયા, જ્યાં ખૂબ સારી સેવા થઈ.

શિવબાબાએ 1968માં વર્લ્ડ રિન્યુઅલ સ્પિરિચ્યુઅલ ટ્રસ્ટની સ્થાપના કરી શીલદાદીને ટ્રસ્ટી બનાવ્યા. સાકાર બાબાએ સન્ ૧૯૬૪માં પ્રકાશમણિદાદી દ્વારા ગામદેવી સેવાકેન્દ્ર ખોલ્યું હતું. શીલદાદીએ સન્ 1970 થી સન 1996 સુધી ગામદેવી સેવાકેન્દ્રનું ખૂબ ત્યાગ-તપસ્યા અને સેવાથી કુશળ સંચાલન કરી વિસ્તાર કર્યો. શીલદાદી લૌકિક અને અલૌકિક પરિવારનું કલ્યાણ કરવાના નિમિત્ત બન્યા. સિંધી સમાજની સેવામાં શીલદાદીનું વિશેષ યોગદાન હતું. દાદી યજ્ઞ પ્રત્યે ખૂબ જ પ્રમાણિક અને વફાદાર હતા. દાદી દરેક વસ્તુઓ, ભંડારી, સ્થૂળ-વસ્તુ કે ફળો, એટલે સુધી કે લૌકિકમાંથી મળેલી વસ્તુઓ પણ પહેલા યજ્ઞમાં સમર્પિત કરતા હતા. શીલઈંદ્રાદાદી ખૂબ જ એક્યુરેટ હતા અને એટલાં જ રમણિક પણ હતા. દાદીનાં અક્ષરો બહુ જ સુંદર હતા. દાદી મોતી જેવા અક્ષરોમાં બાબાનો સંદેશો લખી મધુબન બડીદીદીને મોકલતા. જન્માષ્ટમીના દિવસે શીલદાદીમાં શ્રી કૃષ્ણની પ્રવેશતા થતી ત્યારે દાદી નાના બાળકની જેમ કૃષ્ણલીલા કરતા. બાબા દાદીમાં શ્રી નારાયણના આત્માનું આહ્વાન કરાવતા હતા. સન્ 1973માં મનમોહિની દીદીએ સતયુગી દુનિયાનું દ્રશ્ય તૈયાર કરાવ્યું અને શીલઈંદ્રા દાદીમાં શ્રી નારાયણ અને સંતરી દાદીમાં શ્રી લક્ષ્મીનું આહવાન કર્યું. પછી બંને દાદીઓએ લક્ષ્મી-નારાયણનું ચાલવું, બોલવું વગેરે કરીને બતાવ્યું. આ દ્રશ્ય પોતે ખૂબ જ સુંદર સુખદ હતું.

શીલઈંદ્રાદાદીએ ગામદેવી સેવાકેન્દ્રમાં રહીને કુમાર-કુમારીઓ, અધરકુમારો અને માતાઓને વિશેષ પાલના આપી. દાદીએ ટીચર્સને - ‘યજ્ઞ એટલે શું? યજ્ઞને વફાદાર કેવી રીતે રહેવું? સેવાકેન્દ્રનું સંચાલન કેવી રીતે કરવું? ભાઈ-બહેનોની પાલના કેવી રીતે કરવી? લૌકિક-અલૌકિક દરેક પ્રકારનું સંતુલન કેમ કરવું? તથા પ્રદર્શની કરવી, એડજસ્ટ કરવું’ વગેરે શીખવ્યું. દાદીએ તેમના શ્રેષ્ઠ કાર્યો દ્વારા નિયમ-

(અનુસંધાન પેજ નં. 09 પર)

વિશ્વ પર્યાવરણ દિવસ

બ્ર.કુ. નીતાબેન, પાટણ

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રકૃતિને સમર્પિત દુનિયાભરમાં ઉજવવામાં આવતો સૌથી મોટો ઉત્સવ વિશ્વ પર્યાવરણ દિવસ છે. **1972થી 5 જૂનના દિવસે દર વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવીને નાગરિકોને પ્રદૂષણની સમસ્યાથી અવગત કરાવવા, પ્રકૃતિની સુરક્ષાની ચેતનાને જાગૃત કરવાનો એક પ્રયાસ છે.** બ્રહ્માકુમારીઝને 2014થી ઓબઝર્વર સ્ટેટસ પ્રાપ્ત થયો છે. બ્રહ્માકુમારીઝની ગ્રામ વિકાસ પ્રભાગ પર્યાવરણના કાર્યક્રમને આગળ વધારવામાં કાર્યરત છે. પર્યાવરણની ગુણવત્તા, પર્યાવરણની સુરક્ષા માટે જરૂરી કદમ, પર્યાવરણ પ્રદૂષણનું નિવારણ તથા નિયંત્રણની જાગૃતિ માટે રાષ્ટ્રવ્યાપી પ્રયાસના રૂપમાં વિશ્વ પર્યાવરણ દિવસ પર વિશ્વ પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાય છે.

જળ, જમીન, જાનવર, જંગલ અને જનતા સહુ પર્યાવરણમાં આવે છે. આ સહુની આપસમાં સદ્ભાવના રાખવા માટે જાગૃકતાની જરૂર છે.

આપણે સ્વાર્થ અને અજ્ઞાનવશ પર્યાવરણનું સંતુલન ખરાબ કર્યું છે. જેના પરિણામ રૂપે પ્રકૃતિનો પ્રકોપ પણ આપ જોઈ રહ્યા છીએ. અતિશય ગરમી, અતિશય ઠંડી, વરસાદ પણ રેગ્યુલર નથી આવતો. સુનામી, ક્યાંક અકાલ તો ક્યાંક પૂરની પરિસ્થિતિમાં આપણે પ્રકૃતિને જ દોષ આપીએ છીએ. પરંતુ આપણી પણ કોઈ જવાબદારી છે અને તે જવાબદારીને પૂરી કરવા માટે આગળ આવીએ.

પર્યાવરણના ખતરા માટે જવાબદાર પ્રદૂષણ જુદા જુદા પ્રકારના છે. જળ, વાયુ, ધરતી, ધ્વનિ, વન પ્રદૂષણ અને મનનું પ્રદૂષણ

જળ પ્રદૂષણ

જળ એ જ જીવન છે. જળને અમૃત પણ કહેવામાં આવે છે. જળ વિનાનું જીવન શક્ય નથી. જળનો ઉપયોગ જનજીવન માટે આધારભૂત છે. પરંતુ વર્તમાન સમયે જળને પ્રદૂષણનો મોટો ખતરો છે. આ પ્રદૂષણ જીવન માટે હાનિકારક છે. આપણે જળને ખરાબ કરતાં પરિબળોને અટકાવી જળને સ્વચ્છ રાખવું એ મોટી જવાબદારી છે. ઝેરી પદાર્થોથી પવિત્ર જળ પ્રદૂષિત છે. જળને પ્રદૂષિત બનતું અટકાવીએ.

વાયુ પ્રદૂષણ

હવામાં ઓક્સિજનની માત્રા ઓછી થવી અને કાર્બન ડાયોક્સાઈડ કે બીજાં ઝેરી વાયુ હવામાં ભળવાં તેને હવાનું પ્રદૂષણ કહે છે. આ પ્રદૂષણને દૂર કરવા માટે વૃક્ષો વધુ વાવવામાં આવે. જેટલાં વૃક્ષો વધુ હોય એટલી હવા પ્રદૂષણ રહિત રહેશે. વૃક્ષો કાર્બનડાયોક્સાઈડ લઈ ઓક્સિજન આપે છે. જેને પ્રાણવાયુ કહીએ છીએ.

ધરતી પ્રદૂષણ

રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ અને ઝેરી કચરાથી ધરતીને પ્રદૂષિત કરીએ છીએ. આવી પ્રદૂષિત ધરતી આપણને અન્ન, ફળ અને શાકભાજી કેવી આપશે? માટે આપણે ધરતીનું જતન કરીએ.

વન પ્રદૂષણ

કોંક્રીટનાં જંગલો વધારવા આપણે જંગલોને કાપી રહ્યાં છીએ. પરંતુ વૃક્ષ જ આપણા જીવનનો આધાર છે. વૃક્ષોથી જ જન જીવન સારી રીતે ચાલી શકે છે. માટે વૃક્ષોનું જતન કરીએ.

ધ્વનિ પ્રદૂષણ

ધ્વનિ પ્રદૂષણ એટલે જરૂર વિનાના અવાજનું પ્રમાણ વધુ હોવું વધારે પડતાં હોર્ન વગાડવા મોટાં, મોટાં સ્પીકરોથી વાતાવરણમાં અવાજ ફેલાવવો. જેથી ધ્વનિનું પ્રદૂષણ ફેલાય છે.

મનનું પ્રદૂષણ

પ્રકૃતિ ઉપર આપણા વિચારો, ભાવનાઓની ખૂબ અસર પડે છે. વર્તમાન સમયે આપણા વિચારો મલિન થઈ ગયા છે. જેના કારણે સૌથી મોટું પ્રદૂષણ આપણા મનના વિચારોનું છે. મનની અંદર અનેક પ્રકારના નકારાત્મક વિચારો, ખરાબ ભાવનાઓ, વ્યર્થ વિચારોનો ઝેરીલો કચરો ભરેલો છે. જેની અસર વાતાવરણ ઉપર પડે છે. જેના કારણે પ્રકૃતિનાં પાંચ તત્ત્વો તમોપ્રધાન બની ગયાં છે. જે પ્રકૃતિ સતયુગમાં સુખદાયી હતી. તે જ પ્રકૃતિ વર્તમાન સમયે દુઃખદાયી બની ગઈ છે. તેનું એક માત્ર કારણ પ્રદૂષિત મન છે.

આપણે બીજાં પ્રદૂષણોને દૂર કરવા પ્રયત્નો કરીએ છીએ. પરંતુ મેન્ટલ પોલ્યુશન માટે વિચાર કર્યો ખરા? મનના પ્રદૂષણને દૂર કરવા શું કરવું? આ પ્રદૂષણ આપણા પોતાના માટે પણ ખતરારૂપ છે. પરિવાર, સમાજ, વિશ્વ માટે પણ ઝેર છે. જેને દૂર કરવાની ખૂબ જરૂર છે. શુધ્ધ પવિત્ર સંકલ્પોથી વાતાવરણ શુદ્ધ બનશે. આપણી ભાવનાઓ શુભ બનાવીએ સર્વના માટે શુભ વિચારો રાખો. જેમ જેમ શુધ્ધ, પવિત્ર અને શુભ ભાવનાયુક્ત વિચારો આવશે. તેમ તેમ આપણા ઝેરીલા વિચારો દૂર થશે. ઝેરયુક્ત ભાવનાઓ દૂર થશે. ઈર્ષા દ્વેષભાવથી ભરેલા વિચારો અને ભાવનાઓને ઝેર કહેવામાં આવે છે. જે પોતાને અને બીજાને મારે છે.

વિશ્વના સર્વ આત્માઓના મનના પ્રદૂષણને દૂર કરવા માટે શરૂઆત આપણાથી જ કરવાની છે. આપણા મનના કુંડામાં શુભ વિચારોનો છોડ વાવીએ અને રોજ શુભ ભાવનાના જળનું સિંચન કરો. આપણા મનના કુંડામાં વાવેલું શુભ વિચારોનું બીજ વટવૃક્ષ બનીને આખા વિશ્વના વાતાવરણને બદલવા સક્ષમ બનશે. વિશ્વના નકારાત્મક વિચારોના માનસિક પ્રદૂષણને દૂર કરવા આપણે જ આગળ આવીએ.

વર્તમાન ગ્લોબલ વોર્મિંગના કારણે પ્રકૃતિ ઉપર જ અસરો થઈ રહી છે. તે આપણે નજરે નિહાળી શકીએ છીએ. અતિશય ગરમી અતિશય વરસાદ અને અતિશય ઠંડી ત્રણેય ઋતુઓનું સંતુલન બગડી ગયું છે. જેના કારણે જનજીવન ઉપર ભારે અસર પડે છે. આપણે સહુ માટે ચિંતિત રહીએ છીએ. કારણ શું?

ધ્યાન રાખીને કોઈપણ પ્રકારના અશુદ્ધ વિચારો, ભાવનાઓથી મનને પ્રદૂષિત ન કરીએ. શુદ્ધ, પવિત્ર અને શક્તિશાળી વિચારોથી વિશ્વના વાતાવરણને બદલવામાં મદદરૂપ બનીએ. પ્રકૃતિને પણ સતોપ્રધાન બનાવવા પ્રયત્નશીલ બનીએ.

આપણું ધ્યાન બીજા પ્રદૂષણો ઉપર છે. તેને દૂર કરવા પ્રયત્નોને દૂર કરવા માટે કોઈ પ્રયત્નો કરીએ છીએ ખરા? નાની નાની વાતોમાં આપણી ભાવનાઓ ખરાબ થઈ ગઈ છે. બીજાના દુઃખને દૂર કરવાના બદલે બીજાના સુખને જોઈને આપણે ઈર્ષાવશ દુઃખી થઈએ છીએ.

આપણે સહુ વર્તમાન પર્યાવરણને સારું બનાવવા માટે આપણા ઘરના કંપાઉન્ડમાં વૃક્ષો વાવીએ છીએ. ટેરેસ ગાર્ડન, કીચન ગાર્ડન બનાવીએ હરીયાળી વધારીએ.

॥ ઓમશાંતિ ॥

6 ફૂટનો માનવી અઢી ઈંચની બીડીનો ગુલામ?

બ્ર.કુ. નીતાબેન, પાટણ

શું જીવન ધૂમાડો ઉડાડલા માટે છે? જો કોઈને પણ પૂછવામાં આવે કે શું તમે ભીખ માંગવાનું પસંદ કરશો? તો જવાબ 'ના' જ મળશે. પરંતુ બીડી પાસે ન હોય તો માંગીને પણ પીએ છે.

સિગારેટ, બીડી, શરાબ.. કોઈપણ પ્રકારનું વ્યસન એ ધીમું ઝેર મફતમાં મળે તો પણ પીવું જોઈએ નહિ. ઝેરનો ટેસ્ટ પણ ન કરાય. વ્યસની ઝેરને સામેથી પૈસા ખર્ચીને શરીરને બરબાદ કરે છે. વ્યસની પૈસા આપીને ઝેર ખરીદી અકાળે મૃત્યુને આમંત્રણ આપે છે. સિગારેટ પીવાવાળા પ્રથમ પૈસાને પછી હૃદય, આંતરડા, ફેફસા અને પુણ્ય કર્મોને પણ બાળીને ભસ્મ કરે છે.

જન્મથી સ્વતંત્રતાનો દમ ભરવાવાળા વ્યક્તિની કેવી માનસિક ગુલામી. બીડીના પેકેટ પર લખેલું હોવા છતાં પણ ખૂબ જ શોખથી સિગારેટ પીએ છે. 6 ફૂટનો માનવી અઢીં ઇંચની બીડીનો ગુલામ.

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા 1988 થી દર વર્ષે 31મી મેં ના રોજ વિશ્વમાં તમાકુ નિષેધ છે. છતાં પણ જોઈએ છીએ કે વ્યસનની માયાજાળ વધતી જાય છે. છેવાડેના નાના નાના ગામડામાં કદાચ વિકાસની બીજી કોઈ વાત ન પહોંચી શકી હોય પરંતુ સિગારેટ, બીડી, ગુટકા, શરાબ ખૂબ જ સહેલાઈથી પહોંચી ગયા છે. ઘણા ગામવાળા જાગૃત નાગરિકોએ આ વ્યસનના રાક્ષસને ગામમાંથી ભગાડી મૂક્યો છે. દુકાનોમાં પણ વેચાણ પર પ્રતિબંધ રાખેલો છે. છતાં પણ જે લોકો આ વિષ કન્યાની ચુંગાળમાં ફસાયા છે તે ગમે તે રીતે પણ વ્યસનને પ્રાપ્ત કરી મોતને સામેથી નિમંત્રણ આપે છે.

વ્યસન કેટલું નુકસાન કરે છે?

- ભારત જેવા ગરીબ દેશમાં દર વર્ષે 14 અરબ રૂપિયા નશાની હોળીમાં ફૂંકાય છે.
- દર વર્ષે દોઢ લાખ લોકો ધૂમ્રપાનથી રોગી બને છે.
- અમેરિકી શરાબ પીનારની સંખ્યા 10% છે જેમાં યુવાનો વધારે છે.
- ભારતમાં 60% લોકો શરાબને કારણે પાગલ થાય છે.
- કેન્સરથી મરનારામાં સિગારેટ પીનારની સંખ્યા ન પીનારા લોકો કરતા 21 ગણી વધુ છે.
- રોજ 20 સિગારેટ પીનારની નેત્રજ્યોતિ 20% ઓછી થાય છે.
- જર્મનીમાં 10 થી 18 વર્ષના બાળકોને શરાબ પીવાની ટેવ છે.
- સિગારેટથી હાર્ટએટેક, કેન્સર જેવા ભયાનક રોગ થાય છે.

વ્યસન છોડવું કેવી રીતે?

- દૃઢ સંકલ્પ કરો અઢીં ઇંચની બીડીનો હું ગુલામ?
- પરિવાર સાથે સ્નેહપૂર્ણ સંબંધો વિકસાવો સમસ્યાને આપસમાં શેર કરો.
- નશો છોડવા માટે રુચિકર કાર્ય ગીત, સંગીત, નૃત્ય ચિત્રકલા... તરફ ધ્યાન આપો.
- સકારાત્મક ચિંતન કરો હું વ્યસન મુક્ત બનીશ જ.
- વ્યસન મુક્ત બનવાની તારીખ નક્કી કરો ધીમે ધીમે ઓછુ કરો અને પછી મુક્ત બનો.
- મુખવાસ, ફળો, જ્યુસ વગેરેનો સહારો લો.

(અનુસંધાન પેજ નં. 30 પર)

મમ્માની વાણી બની શાંતિ, મુક્તિદાયિની

બ્ર.કુ. લોકપાલ પરમાર, શાંતિવન, આબુરોડ

દર વર્ષની જેમ 24 જૂન 2014ના દિવસે મારા ગામથી પંદર કિલોમીટર દૂર શહેરના સેન્ટરમાં મમ્મા ડેના કાર્યક્રમમાં ઉપસ્થિત થયો. આખો દિવસ સેવા કર્યા પછી રાત્રે મારા ઘેર જવા રવાના થયો. પરંતુ મારા બસ સ્ટેન્ડ પહોંચ્યા પહેલાં જ છેલ્લી બસ ચાલી ગઈ હતી. કદાચ કોઈ સાધન મળી જાય એ આશાથી ઊભો રહ્યો. રાત્રિના અગિયાર વાગી ગયા પણ કોઈ સાધન મળ્યું નહીં.

હું સેન્ટર પરત થવા જઈ રહ્યો હતો તેવામાં મારા ગામના જ વીરેન્દ્રભાઈ મળ્યા. એમણે પૂછ્યું, આટલી રાતે ક્યાં જઈ રહ્યા છો? મેં એમની પરિસ્થિતિની જાણ કરી. તે બોલ્યા, ચાલો મારી સાથે, હું પણ ઘેર જઈ રહ્યો છું. એ સમયે એમણે શરાબ પીધેલો હતો. પરંતુ નશામાં પણ મોટર સાયકલ સાચી ચલાવતા હતા. આ વિચારીને હું એમની બાઈકની પાછળ બેસી ગયો.

ગામ પહોંચવાના થોડા સમય પહેલાં એક આંબાના ઝાડ નીચે એણે મોટર સાયકલ રોકી. હું મોટર સાયકલની બાજુમાં જ ઊભો હતો. તે રોડના કિનારે આંબાના ઝાડની પાસે જઈને ખિસ્સામાંથી શરાબની બોટલ કાઢીને પીવા લાગ્યો અને કંઈક વાતો કરવા લાગ્યો. જાણે કે તેની સામે કોઈ ઉપસ્થિત હોય. મેં વિચાર્યું કે નશાની હાલતમાં બડબડતો હશે. એક બોટલ પૂરી કર્યા પછી, બીજી બોટલ કાઢીને બોલ્યો. આવો, તું કહી રહ્યો હતો કે મારે શરાબ પીવી છે. આવો, આવો આવો. આમ ત્રણ વખત બોલતાં જ કોઈ પ્રેતાત્માએ એની અંદર પ્રવેશ કર્યો. બીજી બોટલ એ પ્રેતાત્માએ પીધી. એના પછી એની બોલી, વ્યવહાર સર્વ કાંઈ બદલાય ગયું. મેં એને કહ્યું, વીરેન્દ્રભાઈ ચાલો, મોડું થઈ રહ્યું છે. એના પછી એણે ઘણી તેજ સ્પીડથી અનિયંત્રિત રીતે બાઈક ચલાવી. કોઈ આકસ્મકિ ઘટના ના બને તે માટે મેં તેજ અવાજમાં કહ્યું, ગાડી વ્યવસ્થિત રીતે ચલાવો. તો એ બોલ્યો. કોણ વીરેન્દ્ર, ફિરેન્દ્ર. હું સૈનિક યોગેન્દ્ર યાદવ છું. તે તેજ ગતિથી ગાડી ચલાવતો રહ્યો. મેં બન્ને હાથ રાખીને ગાડીની બન્ને બ્રેક દબાવી. એક ઝટકાથી ગાડી થોભી ગઈ. મારા ખિસ્સામાં એક નાનો કીપેડવાળો મોબાઈલ રાખ્યો હતો. એનું બટન દબાવવાથી મમ્માની વાણી ચાલવા લાગી. કારણ કે આખો દિવસ હું તેજ સાંભળતો હતો. મમ્માના અવાજને એ બન્ને આત્માઓ ધ્યાનથી સાંભળતા હતા. અને હું તો અવાક્ થતો હતો. જેમ કોઈ વાર્તા સાંભળતી વખતે આપણે બોલીએ છીએ. એ સમયે મમ્મા કર્મભોગ વિષય ઉપર બોલી રહ્યાં હતાં. કે માયા પાંચ વિકારોને કારણે જ આજે દુઃખ છે. તો માયાનો હાથ છોડીને પરમપિતા પરમાત્માનો હાથ પકડો. તેઓ તો છે સુખદાતા. એમણે સુખ આપ્યું હતું. તેથી તો દુઃખમાં પણ સમગ્ર દુનિયા એમને યાદ કરે છે.

આ રીતે લગભગ દસ મિનિટ સુધી તે આત્માઓ મમ્માના અવાજને ધ્યાનથી સાંભળતા રહ્યાં અને નોર્મલ થતા ગયા. એના પછી પ્રેતાત્મા બોલ્યો કે કોઈ શક્તિ છે, તો મને મુક્ત કરી દો. મેં એને કહ્યું કે જો તમે આ શરીર છોડી દો તો હું તેના માટે અનુષ્ઠાન કરીશ. જેથી તમને શાંતિ મળશે. મુક્તિ મળશે. એના પછી એ આત્મા, પ્રેતાત્માનું શરીર છોડીને ચાલ્યો ગયો. વીરેન્દ્રભાઈ સાથે હું બાઈક ચલાવીને ઘેર આવી ગયો. એ પછી એ આત્મા માટે મેં 21 દિવસ સુધી એક કલાક

(અનુસંધાન પેજ નં. 07 પર)

દિવ્યદર્શન

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર

તનની સાથે મનને પણ શાંત કરે છે - 'રાજયોગ'

બ્ર.કુ. ડૉ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

આજના અનિશ્ચિતતા અને અરાજકતાથી ગ્રસ્ત સમયે વિશ્વમાં 'યોગ' ઘણા લોકોના જીવનમાં શાંતિ અને સારું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવાનો એકમાત્ર સ્ત્રોત બની ગયો છે, કારણ કે ' યોગ 'માંથી મળતા વિવિધ ફાયદાઓને કારણે લોકો તેમના જીવનમાં અસાધારણ ફેરફારો અનુભવી રહ્યા છે. સામાન્ય રીતે દરેક વ્યક્તિ પોતાનું લક્ષ્ય સુધી પહોચવા માટે 'યોગ'નો પણ પ્રયોગ કરે છે. કેટલાક લોકો તેનો ઉપયોગ શારીરિક સ્વાસ્થ્ય માટે કરે છે, જ્યારે કેટલાક શાંતિ પ્રાપ્ત કરવા માટે કરે છે. કેટલાક લોકો પોતાની આંતરિક શક્તિ વધારવા માટે આમ કરે છે, જ્યારે કેટલાક લોકો મૌનનો અનુભવ કરવા માટે કરે છે. પરંતુ આ બધા લક્ષ્યમાં સૌથી અગત્ય અને મહત્વની વાત, જેના માટે આપણે જીવનભર વિવિધ પ્રયાસો કરતા રહીએ છીએ, તે છે તન અને મનની શાંતિ. આમ જોઈએ તો, આ બંને વચ્ચે બહુ મોટો ફરક નથી, પરંતુ ખૂબ બારીકાઈથી નિરીક્ષણ કરવાથી એવું લાગે છે કે આ બંને બાબતો એકબીજાથી અલગ છે, કારણ કે સામાન્ય રીતે દરેક વ્યક્તિ થોડા સમય માટે શાંતિનો અનુભવ કરે છે, પરંતુ સાચી માનસિક શાંતિ પ્રાપ્ત કરવી થોડું અઘરૂં કાર્ય છે, જેના માટે અસીમ ધીરજ અને નિશ્ચયની જરૂર છે.

એમાં કોઈ શંકા ને સ્થાન જ નથી કે આપણા સૌ કોઈએ જીવનમાં કોઈ સમયે તો શાંતિની થોડી ક્ષણો માણી જ છે. ભલે તે પછી ક્ષણિક પણ કેમ ન હોય. દરિયા કિનારે બેસીને દૂરના ક્ષિતિજ તરફ અથવા વિશાળ પર્વતની ટોચ પર જોતી વખતે આપણે ચોક્કસ આંતરિક શાંતિનો અનુભવ કર્યો છે. પરંતુ શું આ ક્ષણિક શાંતિનો અનુભવ પર્યાપ્ત હતો? ના! વાસ્તવમાં આપણે જોઈએ તો આપણે આપણું સંપૂર્ણ ધ્યાન કાયમ શાંતિનો અનુભવ કરવા માટે કેન્દ્રિત કરવું જોઈએ. કારણ કે થોડી ક્ષણોની શાંતિ એક ક્ષણમાં જ અદૃશ્ય થઈ જાય છે. તેથી, આપણે ધ્યાનનો અભ્યાસ કરીને આપણી અંદર કાયમી શાંતિના પુંજને વિકસાવવો જોઈએ.

મોટાભાગના લોકો એમ માને છે કે, વ્યવહારિક જીવનમાં વિવિધ પરિસ્થિતિઓનો સામનો કરતી વખતે દરેક ક્ષણે યોગ અને ધ્યાન કરવાની તકનીક અસરકારક સાબિત થતી નથી. ઉદાહરણ તરીકે, જો ટ્રેનમાં મુસાફરી કરતી વખતે આપને બીજા કોઈ મુસાફર સાથે બેઠક વ્યવસ્થા અંગે લાંબી દલીલ થાય, તો શું આવા સમયે, આપણે ધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ? અને ખોવાયેલી શાંતિને થોડા સમય માટે પાછી મેળવવા માટે આપણી અંદરના ઊંડાણમાં જવું જોઈએ? શું આ પગલું વ્યવહારુ રહેશે? કદાચ ના. તો પછી આવા સંજોગોમાં આપણે શું કરવું જોઈએ? જેથી આપણે ધ્યાન દ્વારા મળેલી શાંતિનો ઉપયોગ કટોકટીના સમયમાં વ્યવહારિક રીતે કરી શકીએ? આ કરવાનો સૌથી અસરકારક અને સરળ રસ્તો એ છે કે રાજયોગમાં નિપુણતા મેળવવી. હા, 'રાજયોગ' એ જ એકમાત્ર પદ્ધતિ છે જે આપણને આપણી અંદર છુપાયેલા શાશ્વત દિવ્ય ગુણોથી આપણને વાકેફ કરાવે છે, જેના

(અનુસંધાન પેજ નં. 29 પર)

કરન કરાવનહાર બાબા

બ્ર.કુ. અક્ષય, વલસાડ

વિશ્વના દરેક આત્માની મનસા સેવા કરવાની બહુ જ સહેલી અને સરળ રીત (ખાસ વિશેષ સેવાધારીઓ માટે) સૌથી પહેલાં સવારે બાબાની સામે યોગ કરવા બેસો ત્યારે બાબાને ગુડ મોર્નીંગ કરીએ ત્યાર પછી બાબાની આગળ સંકલ્પ કરીએ કે બાબા આજના આખા દિવસ દરમિયાન તું કરન કરાવનહાર બનીને મને જે કઈ પણ કર્મ કરાવીશ, કે સેંટરની સેવા કરાવીશ એ સેવા કે કોઈ કર્મ એ હું તારા યજ્ઞની સેવા સમજીને નિમિત્ત ભાવે કરીશ.

બાબા મને નિમિત્ત બનાવીને સેવા કરાવી એ સેવાનું ફળ તમે મારા ભાગ્યની અંદર જમા કરો છો તો બાબા આ દિલની એક જ આશ છે એ મારા ભાગ્યનું ફળ તમે વિશ્વના અશાંત, દુ:ખી, રોગી, તડપતા, મનથી કમજોર આત્માઓ છે, જે શાંતિની શોધમાં છે, એ આત્માના ખાતામાં જમા કરશોજી. સાથે-સાથે પ્રકૃતિનાં પાંચે તત્વોના ખાતામાં જમા કરજો. આ સેવાના ફળથી આત્માઓને શાંતિનો અહેસાસ થાય, થોડી રાહત થાય. પ્રકૃતિનાં પાંચે તત્વો પણ શાંત થાય.

બાબા આ અવિનાશી રુદ્ર યજ્ઞની જે પણ કઈ સેવા તમે કરન કરાવનહાર બનીને, મને નિમિત્ત બનાવીને, કરાવો છો એનું ફળ એટલા માટે અન્ય આત્માઓના ખાતામાં અને પ્રકૃતિના ખાતામાં જમા કરજો, કેમ કે એ આત્માઓ અજ્ઞાની છે એમની પાસે જ્ઞાન ન હોવાને કારણે શાંતિની શોધમાં ભટકતી રહે છે એટલે બાબા મારી સેવા કરવાથી મારા ભાગ્યમાં મને જે ફળ મળશે એ ફળ વિશ્વની આત્માઓના ખાતામાં જમા થવાથી એ આત્માઓને થોડી પણ સુખ શાંતિની અનુભૂતિ થાય. આ સેવાનાં ફળ થી એ આત્માઓને તમારી અનુભૂતિ થાય. આ સેવાનું ફળ તમે મને જે આપ્યું એ સેવા ફળ વિશ્વના આત્માઓના ખાતામાં જમા થવાથી એ આત્માઓને તમારા સુધી પહોંચાડી દે. આ ફળ થી આત્માના પાપ નાશ થાય. આ સેવા ફળ થી જ પ્રકૃતિનું પણ કલ્યાણ થાય.

બસ એ જ દિલ થી શુભભાવના - શુભ-કામના દિલથી ખૂબ ખૂબ દુઆઓ શુક્રિયા બાબા ખૂબ ખૂબ આભાર બાબા આ સંકલ્પ માત્રથી ડબલ સેવાનું ફળ મળશે. એક તો આ સંકલ્પથી વિશ્વના આત્માઓની સેવા થઈ જશે. સાથે-સાથે આપણે જે સેવા કરી તેનું ફળ બાબા એ આત્માઓ અને પ્રકૃતિના ખાતામાં જમા કરે તો એ આત્માની અને પ્રકૃતિની દુઆઓ આપણા ખાતામાં જમા થશે. આટલા સારા સંકલ્પથી વિશેષ બાપદાદા પણ ખુશ થશે. તેમની દુઆ આપણા ખાતામાં જમા થશે.

આમ ત્રણ જણની દુઆઓ આપણા ખાતામાં જમા થશે. અન્ય આત્માઓની, પ્રકૃતિ અને વિશેષ બાપદાદાની. તો આ સંકલ્પથી, આપણે કરેલી સેવાના ફળ જે આખા વિશ્વના અન્ય આત્માના ખાતામાં જમા થાય તો આખા વિશ્વની આત્માઓનું કેટલું બધું કલ્યાણ થાય તો વિચારો આપણું ભાગ્ય કેટલું ઉંચુ બને. શુક્રિયા બાબા. ॥ઓમશાંતિ॥

(પેજ નં. 28નું અનુસંધાન)...આંતરાષ્ટ્રીય યોગ

પરિણામે આપણે આપણા જીવનમાં પેદા થતાં તણાવ અને અશાંતિના કારણો જાણી શકીએ અને તેને ખૂબ જ સરળતાથી અને સહજતાથી પ્રશ્નોનો ઉકેલ લાવી શકીએ છીએ.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 19નું અનુસંધાન)... ભગવાનને પ્રિય

કમજોરીનું ચિંતન કરવાના બદલે કમજોરીને મહસૂસ કરી બુદ્ધિમાંથી કાઢી નાખવું. જરૂર પડે તો બાબાની સામે લખી બાળી નાખવું એટલે કે માફી માગી પોતાની જાતને માફ કરી ભૂલી જવું.

૫. ભઠ્ઠીમાં સંપૂર્ણ જાગૃત રહી લાઈટ બની લાઈટની દુનિયામાં વિચરણ કરવા વાળા ફરિશ્તા અવસ્થાનો અનુભવ કરો.

૬. નશો રાખો કે હું પદમાપદમ ભાગ્યશાળી છું, લકીએસ્ટ છું, હું મહાન ભાગ્યવાન છું કે વરદાતા બાબાએ મારી ઝોળી વરદાનોથી ભરપૂર કરી દીધી છે. મેં સ્વયં ભગવાનને પામી લીધા છે. હું પાંડવ છું, મહાવીર છું, શક્તિ છું માયા મારા ચરણોમાં નતમસ્તક છે.

૬. ભઠ્ઠીમાં એવી શક્તિશાળી અવસ્થા બનાવવાનું લક્ષ્ય રાખીએ કે આપણને મૌલાઈ મસ્તીનો અનુભવ થાય. રાત-દિન અપાર ખુશી, આનંદની અનુભૂતિ કરીએ.

તો ચાલો આપણે બધા પ્યારા બાબાના આશાઓને પૂર્ણ કરવા માટે ભઠ્ઠીને વિધિ પૂર્વક માણીએ. સૌને હાર્દિક શુભેચ્છા.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 26નું અનુસંધાન)... 6 ફૂટનો માનવી

- પાણી વધારે પીઓ.
- ધ્યાન, પ્રાર્થના, સાધના કરો. સતસંગ કરો સંગની અસર પડશે.
- વ્યસની લોકોના સંગથી સદા દૂર રહો. યાદ રાખો મફત વ્યસન કરાવવાવાળા મિત્ર નહિ પણ દુશ્મન છે.
- પ્રભુની શક્તિ માંગો, વ્યસન પ્રત્યે નફરત કરો. ધૂમ્રપાનને રાખો દૂર જીવન બનશે મધુર.

॥ ઓમશાંતિ ॥

..... વાત શાની

બ્ર. કુ. જૂનાગઢ

ભજવે છે પાર્ટ સહુ પોત-પોતાના,
તો એમાં મારી દખલગીરી શાની,
બની રહેલું બની રહ્યું છે,
તો એમાં મન-બુદ્ધિની હલચલ શાની,
કર્મેન્દ્રિય કર્મચારી મારી,
તો એમાં વ્યર્થની હલ ચલ શાની,
ડ્રામાનાં જ્ઞાનની સ્મૃતિ અનેરી,
તો એમાં ડરવાની વાત શાની,
મારા જ કરેલા કર્મનું ફળ ભોગવું છુ,
તો એમાં સામાવાળાની વાત શાની,
જ્ઞાન સ્નાન તો રોજ કરું છું,
તો મનમાં વિચારની વ્યાકુળતા શાની,
અતીન્દ્રિય સુખનો અનુભવ અંતરને,
તો એમા માયાવી દુનિયાની ખેચાણ શાની,
યુદ્ધના મેદાનમાં જો રોજ હારું તો,
તો એમાં કલ્પનાં વિજયરત્નની વાત શાની,
બ્રાહ્મણ બની હજી સંસ્કાર શુદ્રનાં,
તો એમાં વિશ્વ મહારાજનની વાત શાની,
ભટકવાનું હજી દેહની દુનિયામાં,
તો એમાં આત્મ સ્થિતિની વાત શાની,
કોમળ ચાલ અલબેલાપનની,
તો એમાં અચલ અડોલતાની વાત શાની,
ડગલેને પગલે પરીક્ષા અપાય છે જીવનમાં,
તો એમાં ફૂલ પાસની વાત શાની,
વર્ષોથી સંભળાય છે જ્ઞાનની વાતું,
તો એમાં ઢીલાપનની વાત શાની,
એક કદમ બઢાવો તો હજાર ગુણા મદદ મળે,
તો એમાં રુકાવટની વાત શાની.

॥ ઓમશાંતિ ॥

જ્ઞાન પરબ

આધ્યાત્મિક રહસ્ય

બ્ર.કુ. જગદીશભાઈ પટેલ, ઈસનપુર

હનુમાનજી એકવાર રામજીને મળ્યા પછી તેમનું સમગ્ર જીવન રામજીની સેવામાં જ વ્યતિત કરે છે. પરમાત્મા રામનો પરિચય મળ્યા પછી, પૂર્ણરૂપે સમર્પિત થઈ આજીવન તેમની સેવા કરવી તે હનુમાનજી જેવા ત્યાગી તપસ્વી મહાવીર જ કરી શકે. પરમાત્માના સુખમય દુનિયા, રામરાજ્યની સ્થાપના કરવાના કાર્યમાં હનુમાનજીની મહત્વની ભૂમિકા રહેલી છે. પરમાત્મા દ્વારા સ્થાપિત રામ રાજ્યને જ સ્વર્ગ, જન્નત, વૈકુંઠ, હેવન કે પેરેડાઇઝ તરીકે ઓળખવામાં આવે છે. આવા સુખમય રામરાજ્યની કલ્પના મહાત્મા ગાંધીજીએ પણ કરી હતી. રામરાજ્ય એટલે જ સુખ-શાંતિ અને સમૃદ્ધિ પૂર્ણ રાજ્ય જેને અયોધ્યા કે અવધ પુરી તરીકે ઓળખવામાં આવે છે. અયોધ્યા એટલે જ્યાં કોઇ યુદ્ધ થતું નથી અને અવધ નગરી એટલે જ્યાં કોઈનો વધ થતો નથી.

શાસ્ત્રોમાં ચાર રામનું વર્ણન આવે છે. "એક રામ દશરથ જાયા, દૂજો રામ ઘટ ઘટ સમાયા. તીસરો રામ શકલ પસારા, ચોથા રામ સબસે ન્યારા. આ ચોથા રામ જે બધાથી ન્યારા છે તે નિરાકાર પરમ પિતા પરમાત્મા માટેનું ગાયન છે, જે સીતાને રાવણની કેદમાંથી છોડાવવા સમંદર પાર કરી લંકા આવે છે. અહીં સીતા એ આત્માનો, તથા બધાથી ન્યારા રામ તે પરમાત્માનો, પર્યાય વાચી શબ્દ છે. સીતાનું બીજું નામ વિદેહી છે જેનો અર્થ થાય છે દેહ વિનાનો, આત્મા.

.. લંકા એટલે તેવો પ્રદેશ કે જે ચારે બાજુથી પાણી વડે ઘેરાયેલો હોય. દુનિયાના સાતે સાત સમુદ્ર એકબીજાને મળેલા છે, જેથી રહેવા લાયક ભૂમિ ચારે બાજુથી પાણીથી ઘેરાયેલા એક ટાપુ સમાન છે, જેને બેહદની લંકા કહી શકાય. બેહદની લંકામાં આત્મા રૂપી સીતાને આકર્ષિત કરી, ભ્રમિત કરવાવાળી, સુવર્ણ મૃગ સમાન, અનેક ચીજ વસ્તુઓ ઉપલબ્ધ હોય છે, જેને સોનાની લંકા કહી શકાય. રાવણનો અર્થ થાય છે રડાવવાવાળો. આપણે કોઈના મૃત્યુ બાદ લોકાચાર માટે જઈએ છીએ તો ઘણીવાર સાંભળીએ છીએ કે રાવણે ગયા તા, રાવણે એટલે રડવા ગ્યાતા. રાવણ કે જે પાંચ વિકારો કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારનું પ્રતીક છે. કોઈપણ વ્યક્તિના રડવાનું કારણ પૂછવામાં આવે તો તે આ પાંચ વિકારમાંથી જ એક હોય છે. દુનિયાના તમામ નર-નારીના મનમાં આ પાંચ વિકારો રહેલા છે, માટે જ રાવણના પાંચ માથા સ્ત્રીના અને પાંચ માથા પુરુષ ના હોય છે, જે પ્રત્યેક નર-નારીમાં ઉપસ્થિત પાંચ વિકારોનું પ્રતીક છે. વિદેહી આત્મા જે પાંચ વિકારો રૂપી રાવણની કેદમાં સપડાયેલી છે તેને પરમાત્મા રામ મુકત કરવા માટે આવે છે. આવા 10 માથાવાળો માણસ દુનિયામા કોઈ હોતો નથી, જો હોય તો તે પડખુ કેવી રીતે ફેરવે? જમે કેવી રીતે? ઉધરસ, છીંક કે બગાસુ દશે મોઢાથી ખાય?

લક્ષ્મણ અર્થાત જેના મનનું લક્ષ બદલાઈ ગયું છે. આ સૃષ્ટિ પર જે લક્ષ લઈને આવેલા તે મનના લક્ષને ભૂલીને, બીજા કાર્યમાં પ્રવૃત્ત થયા છે, એવા મૂર્છિત થઈ ગયેલા લક્ષ્મણને હનુમાન જેવા મહાવીર રામજીના સેવક જ, આબુ પર્વત પરથી પરમાત્મ જ્ઞાન અને આત્મિક જ્ઞાન રૂપી જડી બુટ્ટી લાવીને સુરજીત કરે શકે છે. શબર કરવી એટલે ધીરજ ધરવી. શબરી એટલે, જે અનેક

વર્ષોથી ધીરજ ધરીને ભગવાનના આવવાની અને તેમને મળવાની રાહ જોઈ રહેલો જિજ્ઞાસુ આત્મા.

જ્ઞાનામૃતનું પાન કર્યા પછી પણ, જે અલબેલાપનની નિંદમાં ઊંઘ્યા કરે છે તે છે કુંભકરણ. રાવણના ભાઈના નામ છે ખલ અને દૂષણ. ખલ એટલે કપટ, દૂષણ અર્થાત્ અવગુણ અને અપલક્ષણથી ભરપૂર આત્મા. સીતા અર્થાત્ આત્માને રામ રાજ્યમાં આવવું હોય, તો તેણે પવિત્રતાની અગ્નિ પરીક્ષા પાસ કરવી જ પડે છે અને ત્યારે જ તે રામરાજ્ય સ્વર્ગમાં જઈ શકે છે.

આમ દેવી-દેવતાઓને કોઈએ નજરે નિહાળ્યા નથી, કે નથી તેમની સામે બેસીને તેમના કોઈએ ચિત્ર દોર્યા હોય અથવા કોઈ ફોટો ગ્રાફરે કેમેરાથી ફોટા પાડ્યા હોય, જેથી કરીને તેમનું આબેહૂબ ચિત્ર આપણને મળે. વાસ્તવમાં આ ચિત્ર કે મૂર્તિ બનાવનાર કોઈ શાસ્ત્રના જાણકાર કે વિદ્વાન પંડિત હોતા નથી પરંતુ અભણ અને અજ્ઞાન કારીગર જ હોય છે. જેમને ફક્ત મૂર્તિ વેચીને પૈસા કમાવવાનો જ સ્વાર્થ રહેલો હોય છે. તેથી મૂર્તિને કે ચિત્રનુ વધારે વેચાણ થાય તેમ આકર્ષિત બનાવવા માટે જાતજાતના નવા નવા અખતરા કરતા રહે છે. ઉદાહરણ તરીકે ગણેશ ચતુર્થીના સમયે આપણે ઠેર ઠેર ભિન્ન-ભિન્ન પ્રકારની ગણેશજીની મૂર્તિઓ નિહાળીએ છીએ. જેમાં કોઈ મૂર્તિમાં ગણેશજી મુરલી વગાડતા, તો કોઈમાં સર્પની છત્રછાયામાં બેઠેલા હોય છે, તો કોઈ મૂર્તિમાં ગણેશજી નાગના શીશ ઉપર નૃત્ય કરતા જોવા મળે છે. વાસ્તવમાં ગણેશજીએ કોઈ દિવસ મુરલી વગાડી જ નથી, પરંતુ તેમના હાથમાં ભિન્ન- ભિન્ન પ્રકારના વાજિંત્ર કે હથિયાર આપીને મૂર્તિનું આકર્ષણ વધારવામાં આવે છે .

ચાલો હવે દેવોના દેવ મહાદેવ શંકરના ચિત્રનું આધ્યાત્મિક રહસ્ય સમજીએ. શંકર હંમેશા સ્મશાનમાં કે હિમાલય ઉપર તપસ્યા કરતા જોવા મળે છે. શંકરનું ચિત્ર વૈરાગી અને તપસ્વીમૂર્તનું પ્રતીક છે. દેવોના દેવ મહાદેવ ગૃહસ્થી છે, જેઓ પતિ, પત્ની તથા બાળકો સહિત હિમાલયના કૈલાસ પર્વત પર બિરાજમાન છે. ગૃહસ્થી હોવા છતાં તેઓ ત્યાગી અને તપસ્વી છે. તેઓ હિમાલય ઉપર સંસારથી દૂર ઉપરામ અથવા તો સ્મશાનમાં દુનિયાથી ન્યારા, તપસ્યા કરતા બતાવવામાં આવે છે. મહાદેવને વળી કઈ વસ્તુની અપ્રાપ્તિ હોય કે જેને પ્રાપ્ત કરવા તેમને બર્ફીલા પર્વત ઉપર તપસ્યા કરવી પડે? તેમની મૂર્તિ, ચિત્ર કે ફોટો જોઈએ તો તેમના માથા ઉપર ચંદ્રમાં બિરાજમાન છે. ચંદ્ર કેટલો મોટો છે, તે આપણે સૌ જાણીએ છીએ. તો શું શંકરજીનું માથું તેનાથી પણ મોટું હશે? ચંદ્રનું બીજૂ નામ સોમ છે. ભગવાન આપણને જ્ઞાનઅમૃતરૂપી સોમરસ પીવડાવી રુહાનિયતનો નશો ચઢાવે છે. ચંદ્ર સ્વયં પ્રકાશિત નથી પરંતુ તે સૂર્યના પ્રકાશથી પ્રકાશિત દેખાય છે. દુનિયામાં એક પરમાત્મા જ જ્ઞાનસાગર છે બાકી બધા જ તેમની પાસેથી જ્ઞાન મેળવે છે. બ્રહ્મા જ્ઞાનચંદ્રમાં અને બ્રાહ્મણો જ્ઞાન સિતારા છે જેમની પાસે સ્વયંનું જ્ઞાન નથી પરંતુ પરમાત્મા પાસેથી મેળવેલુ જ્ઞાન છે. શંકરજીની જટામાં ગંગા નદી સમાયેલી છે. આપણે જાણીએ છીએ કે ગંગા નદી કેટલી મોટી વિશાળ નદી છે, તો શું આટલું બધું પાણી માથાના વાળમાં સમાઈ શકે ખરું. શંકર જેવા તપસ્વી આત્માઓ જ પરમાત્માની જ્ઞાનરૂપી ગંગાને પોતાની બુદ્ધિ રૂપી જટામાં સમાવી શકે છે. જે શંકર જેવા એકાગ્ર બુદ્ધિ તપસ્વી હોય તે જ જ્ઞાનરૂપી ગંગા ધારણ કરી ગંગાધર બની શકે છે. શંકર પોતે અઘોરી સન્યાસી છે. તેમણે એવા કયા પાપ કર્યા કે જેને ભસ્મ કરવા માટે તપસ્યા કરવી પડે. સ્મશાનમાં રહેવાથી નિત મડદું બળતું જોઈને

સ્મશાની વૈરાગ આવે છે કે આપણે પણ એક દિવસ આ દુનિયા છોડીને પરમધામ ઘરે જવાનું છે, તે યાદ રહે છે. તેમના શરીર પર કોઈ સુગંધિત દ્રવ્યો નહીં પરંતુ સ્મશાનની રાખ ચોપડેલી હોય છે. તેમને ત્રિલોચનધારી બતાવવામાં આવે છે. તેમનું જ્ઞાનચક્ષુ ખુલ્લું છે અને તેમણે કામ વિકારને ભસ્મ કરેલો છે. તેઓ ફક્ત આત્મિક દ્રષ્ટિથી જ નિહાળે છે. સ્ત્રી અને પુરુષની દૈહિક દૃષ્ટિ સમાપ્ત થઈ ગઈ છે. પાર્વતી અર્થાત કે જે શિવની સાથે પાર જવાનુ વ્રત લે છે, તે સર્વે પાર્વતીઓ છે. ગળામાં નાગ એ વિષય વિકારનુ પ્રતીક છે, જેમણે તપસ્યા કરીને નાગ જેવા ભયંકર વિષધર પ્રાણીને પણ વશ કરીને ગળાનો હાર બનાવેલો છે. જેને મહાવીર સ્વામીએ તપસ્યાથી વિકારો રૂપી નાગને વશ કરીને છત્રછાયા બનાવેલી છે. કૃષ્ણએ પાંચ મુખ વાળા નાગને નાચવાનું સ્ટેજ બનાવી દીધું, વાસ્તવમાં પાંચ મુખ વાળો નાગ દુનિયામાં ક્યાંય હોતો જ નથી, પરંતુ પાંચ મુખવાળો નાગ એ પાંચ વિચારોનું પ્રતીક છે. નારાયણે નાગને શેષ સૈયા બનાવી દીધી અર્થાત પાંચ વિચારો પર સર્વે એ વિજય મેળવેલો છે.

સમગ્ર સંસાર આજે કામ વિકારથી ભરેલો છે. સંસારની આ નેગેટિવિટીને શંકર જેવા તપસ્વી જ પોતાની અંદર સમાવીને નીલકંઠ નામ ધારણ કરે છે. શંકર પોતે એક વસ્ત્રધારી છે અર્થાત્ હજુ સંપૂર્ણ થયા નથી તપસ્યા ચાલુ છે. વાઘ ચર્મ પર આસન એ વાઘ જેવા હિંસક પ્રાણી પર વિજયનું પ્રતીક છે. જેમણે પોતાની હિંસક વૃત્તિઓ ઉપર વિજય મેળવેલ છે. મદારી જેમ ડમરુ વગાડીને લોકોને એકઠા કરી ત્યારબાદ ખેલ બતાવે છે, તેવી જ રીતે શંકર પણ ડમરૂ વગાડીને અગમ નિગમના ભેદ ખોલે છે. સૃષ્ટિ વિનાશના સમયે જ્ઞાન ડમરૂ વગાડી શંભુમેળો ભેગો કરી, સૃષ્ટિના આદિ, મધ્ય, અંતના જ્ઞાનને, આત્મા અને પરમાત્માનું જ્ઞાન, કર્મની ગુહ્ય ગતિ, ત્રણ લોકનું સ્થાન, સ્વર્ગ-નર્ક વગેરે અગમ નિગમના ભેદ ખુલે છે. નંદી અર્થાત બ્રહ્મા કે જેમના દ્વારા શિવ તેમના સંદેશા પૃથ્વી વાસીઓ સુધી પહોંચાડે છે. એટલે જ ભક્તો મહાદેવના મંદિરમાં જતા પ્રથમ નંદીના કાનમાં પોતાની ઈચ્છા પ્રગટ કરે છે, જે સંદેશને નંદી મહાદેવ સુધી પહોંચાડે છે. શાસ્ત્રો પ્રમાણે, શિવનો સંદેશ ત્રણ વાર નાવું અને એકવાર ખાવું, એ સંદેશો પણ નંદી દ્વારા પૃથ્વી વાસીઓ સુધી પહોંચાડવામાં આવે છે. મહાદેવના મંદિરમાં કાચબો એ કર્મયોગીનું પ્રતીક છે. શિવાલયમાં પ્રવેશતાજ હનુમાનજી અને ગણેશજી દરવાજાની બંને બાજુ એ બિરાજમાન હોય છે. નંદી તથા શિવના આ બંને પુત્રોને મળ્યા પછી જ શિવને મળી શકાય છે. શંકરના વરઘોડામાં લૂલા, લંગડા, બહેરા, કાણા, ભૂત, પ્રેત, પલિત વગેરે સૌ જાનમાં સાથે જાય છે, એટલે કે શિવજી જ્યારે સૃષ્ટિ પર આવે ત્યારે સંપૂર્ણ બન્યા નથી તેવા સર્વે આત્માઓને પણ મુક્તિધામ, પરમધામ સાથે લઈ જાય છે. **(વધુ આવતાં અંકે)**

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 15નું અનુસંધાન)... **રાજયોગિની** ઉદાહરણ છે. મમ્માને આપણે ગમે તે રૂપમાં જોઈએ સરસ્વતી, લક્ષ્મી યા યજ્ઞ માતા તરીકે મમ્માનું જીવન બ્રહ્માવત્સો અને અન્ય માટે પ્રેરણા રૂપ છે.

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Gujarat Offset Private Ltd. 'Offset House', Opp. Jain Ashram, Station Road, Vatva, Ahmedabad – 382 440. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલી ભાગ – ૫૫ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. જ્ઞાનના ચિંતનના આધારે આપના જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. આપને આવતાં અંકમાં ભાગ – ૫૫ના જવાબો મળશે. આ સાથે નીચે ભાગ – ૫૪ના જવાબો આપેલ છે.

સંગમયુગની શબ્દાવલી ભાગ - ૫૫

1		2	3		4		5	6	
		7					8		
9	10			11		12			13
14			15		16				
		17						18	
	19					20			
21			22	23					
							24		
25		26		27	28				
29				30					

આડી ચાવીઓ

૧. વીણાવાદીની (૪)
૪. યાદગાર (૫)
૭. અમાનત (૨)
૮. ખર્ચ (૨)
૯. વધુ લાલ રંગ (૩)
૧૧. કોટન (૧)
૧૨. મેધધનુષ્યનો એક રંગ (૨)
૧૪. હાર્ટ (૨)
૧૬. ..... તુમ્હારી ઓ પ્યારે બાબા (૩)
૧૭. ..... તો લગી લાઠ (૨)
૧૮. ..... રાત્રિ (૨)
૧૯. સેકન્ડ (૨)
૨૦. સેકન્ડમાં (૪)
૨૧. પોકેટ (૨)
૨૨. મમ્મા (૨)
૨૪. આદિ ..... સ્વરૂપ (૩)
૨૫. શિક્ષણ (૩)
૨૭. ..... બાબા આ ગયા (૨)
૨૯. મુશ્કિલ (૩)
૩૦. મુસાફિર (૪)

ઊભી ચાવીઓ

૧. પૂર્વ ગુજરાત ઝોન ઈન્ચાર્જ (૫)
૨. પોતાનું વતન (૩)
૩. ત્રણ હિન્દીમાં (૨)
૪. યાદ (૨)
૫. મનમોહિની વનનું એક કોમ્પેલેક્ષ (૪)
૬. ઉંમર (૨)
૧૦. એક રંગ (૨)
૧૨. એક રત્ન (૫)
૧૩. ૫ જૂનનો દિવસ (૮)
૧૫. એક ગુજરાતી માસ (૨)
૧૭. વર્ષ (૨)
૧૮. આકાશ (૨)
૧૯. વ્યકિતત્વ (૫)
૨૩. તારૂં મારૂં હિન્દી (૪)
૨૪. આત્મા ..... છે (૩)
૨૫. મુગટ (૨)
૨૬. યુધ્ધ (૨)
૨૮. રસ્તો (૨)

શબ્દાવલી ભાગ - ૫૪ના જવાબોવાળું કોષ્ટક

1 ગુ	2 જ	રા	3 ત	સ્થા	4 પ	5 ના	દિ	6 વ	7 સ
8 મ	ગ		લ		9 લ	તા		10 ત	ગ
	11 દી	લ	વા	12 લા				13 ન	વ
	શ		14 ર	જ	15 ત		16 ક		ડ
17 સં	ભા	ર			18 ક	મ	લ	19 મ	
20 ગ	ઈ		21 આ	ત	મ		22 મ	ધ	ર
		23 યા	દ		24 રી	25 ચ		ર્સ	
26 મા			ર		27 યા	ર		28 ડે	29 થ
	30 ક	31 ર	ણી			ણ			કા
	32 વિ	જ	ય		33 લૂ		34 કં	ચ	ન

મહેસાણામાં 'ડિવાઈન ચાઈલ્ડ સમર કેમ્પ'માં જીલ્લા પાઠશાળાના અધ્યક્ષ જેઠાભાઈ, DEO મુકેશભાઈ, કર્વે સ્કુલના આચાર્ય સંજયભાઈ, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. વર્ષાબેન, બ્ર.કુ. શીતલબેન તથા બાળકો.

રાજકોટ પંચશીલ પાર્ક સેવાકેન્દ્ર ખાતે ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં જનજાગૃતિ હેતુ આયોજીત 'સડક સુરક્ષા સપ્તાહ'ની ઉજવણીમાં સમુહચિત્રમાં રાજકોટ સબઝોનના સર્વ બ્રહ્માકુમારી બહેનો.

વડોદરા અલકાપુરીમાં 'સમર કેમ્પ'માં ચિત્ર સ્પર્ધા બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, બ્ર.કુ. જાનકીબેન, બ્ર.કુ. નરેન્દ્રભાઈ સાથે પ્રતિભાગી બાળકો.

સુરત પર્વત ખાતે બાળકો માટે આયોજીત 'બાળ વ્યક્તિત્વ વિકાસ શિબિર'માં ભાગલેનાર બાળકોના સમૂહચિત્રમાં બ્ર.કુ. સંગીતાબેન.

વ્યારામાં બાળકો માટે આયોજીત 'સમર કેમ્પ'માં ભાગ લેનાર બાળકો સાથે સમૂહચિત્રમાં બ્ર.કુ. અરૂણાબેન તથા ટીચર્સ બહેનો.

બોખીરા ખાતે ત્રિદિવસીય 'કિડ્ઝ સમર કેમ્પ'માં પધારેલ પોલીસની 181 અભયમ્ હેલ્પલાઈન ટીમના કોન્ટેબલ ભગિની કિરણબેન ચાવડા, બ્ર.કુ. હંસાબેન, બ્ર.કુ. રસીલાબેન સાથે બાળકો.

પાસોદરા ખાતે આયોજીત 'બાળ સંસ્કાર ઘડતર શિબિર'માં વેશભૂષા સ્પર્ધામાં ભાગ લેનાર બાળકો સાથે બ્ર.કુ. હર્ષાબેન.

ભરૂચ નિલકંઠનગરમાં શિક્ષકો માટે આયોજીત સેમીનારમાં સ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી ભ્રાતા ડૉ. ભગુભાઈ, આચાર્ય ભ્રાતા જીજ્ઞેશભાઈ, ઉર્વશીબેન તથા શિક્ષકોના સમુહ સાથે બ્ર.કુ. સુનીલાબેન.

Gyan Amrit Vol.18 | Issue 06 | June 2025 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

રાજકોટ રાજનગરમાં તપસ્વી યુગલોના 'પવિત્ર જીવનયાત્રા મહોત્સવ' કાર્યક્રમમાં ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, બ્ર.કુ. ડૉ. સવિતાબેન, ઈસ્કોન મંદિરના સ્વામી અનિકેતદાસજી, રાજકોટના ઠાકુરાની મહારાણી કાદમ્બરીદેવી, બ્ર.કુ. રીટાબેન, બ્ર.કુ. અંજુબેન.

અમદાવાદ નારણપુરા ખાતે બ્રહ્માકુમારીઝના નવનિર્માણ સર્કલના ઉદ્દ્ઘાટનમાં બ્ર.કુ. ચંદ્રિકાબેન, Retd. DySP ભ્રાતા તરૂણ બારોટ, BSFના Retd. DIG ભ્રાતા નરેન્દ્રભાઈ દંગવાસ, મ્યુ. કૉરપોરેટર ભ્રાતા જયેશભાઈ અને દર્શનભાઈ, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. ઈન્દુબેન.

મહેસાણા ગોડલી પેલેસ ખાતે 'રાજયોગા થોટ લેબ ટ્રેનીંગ' આયોજીત ટ્રેનીંગમાં થોટ લેબના કૉડીનેટર બ્ર.કુ. સુપ્રિયાબેન, બ્ર.કુ. ચિત્રાબેન, બ્ર.કુ. મુકેશભાઈ, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. ડૉ. મમતાબેન સાથે ટ્રેનીંગનો લાભ લેનાર બ્રહ્માકુમારી બહેનો.

બારડોલીમાં આયોજીત 'તપસ્વી યુવા સંમેલન'ના શુભારંભ કાર્યક્રમમાં ડૉ. વ્યોમભાઈ પાઠક, ડૉ. મિલીન પારેખ, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. શારદાબેન, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. અરૂણાબેન તથા અન્ય.

ભાવનગર ખાતે 'ત્રિદિવસીય શિબિર'ના શુભારંભ પ્રસંગે બ્ર.કુ. ઇ.વી.ગીરીશભાઈ, IPCLના ચેરમેન ભ્રાતા પિયુષભાઈ તંબોલી, માઈક્રોસાઈનના CEO ભ્રાતા નિશિતભાઈ મહેતા, સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ ભ્રાતા સુનીલભાઈ વડોદરીયા, PGVCLના ચીફ એન્જીનીયર ભ્રાતા દિનેશચંદ્ર લાખાણી સાથે બ્ર.કુ. ઉષાબેન.

પોરબંદર સેવાકેન્દ્રમાં 'ટોટલ ક્વોલીટી ઑફ લાઈફ' કાર્યક્રમમાં ભ્રાતા ઈ.વી. સ્વામીનાથન, જીલ્લા ભાજપ પ્રમુખ ડૉ. ચેતનાબેન તિવારી, બ્ર.કુ. સારિકાબેન, બ્ર.કુ. ગીતાબેન તથા અન્ય મહેમાનો.

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com